स्वराज एटल शुं.
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરાજ એટલે શું

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ndat

rukul

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या .....

पञ्जिका संख्या .....

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલી - ૬૮

સ્વરાજ એટલે શું

સ્વાક પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯-૪

મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ક્રમાંક ૨૦૭૫
લાગત ૩૦૪૭૫
તારીખ.....
CH 1973
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પ્રથમ આવૃત્તિ, ૫,૦૦૦

સાત આના

એપ્રિલ, ૧૯૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આપણા દેશનું રાજ્યબંધારણ ઈ. સ. ૧૯૫૦માં અમલમાં આવ્યું. એ બંધારણમાં સામાન્ય લોકોએ જાણવા જેવું શું છે તે કહેવાને માટે આ ચોપડીનાં પ્રકરણો છૂટક લેખો રૂપે મેં ૧૯૫૦માં 'લોકજીવન'માં લખેલાં. આ ચોપડી તેમના સંગ્રહ રૂપે સંપાદન કરેલી છે.

ચોપડી રૂપે બહાર પાડવાની દૃષ્ટિએ એ લેખોને ફરી જોઈ જઈ સુધાર્યા છે, તેમને પ્રકરણોના ક્રમમાં મૂક્યા છે, અને ક્યાંક ખૂટતી કરતી કોઈ વસ્તુ લાગી તો તે ઉમેરી છે. એથી આ ચોપડી સ્વતંત્ર ચીજ બની રહે છે. તેનું નામ તે બતાવવા માટે પાડ્યું છે.

એની ભાષા તથા શૈલી સાદી અને નાનાં મોટાં સૌને ખ્યાલમાં રાખીને યોજી છે. વિદ્યાર્થીઓને પણ તે ઉપયોગી થઈ પડશે. સામાન્ય પ્રજાજન પણ તેમાંથી બંધારણનો પરિચય મેળવી શકશે.

આશા છે કે ગુજરાતી વાચકોને એ ગમશે અને હિંદ સ્વરાજ્યનું સાચું સ્વરૂપ સમજવામાં મદદરૂપ નીવડશે.

૬-૪-'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

સ્વરાજની પ્રતિજ્ઞા ૫

ખંડ ૧

ભારતનું નાગરિક હકનામું

૧. નાગરિકના મૂળહકો ૮
૨. સમાનતાનો હક ૧૦
૩. સ્વતંત્રતાનો હક ૧૨
૪. જાત-સલામતીનો હક ૧૪
૫. વેઠ અને ગુલામીની મનાઈ ૧૬
૬. ધર્મની સ્વતંત્રતાનો મૂળહક ૧૭
૭. શિક્ષણ અને સંસ્કૃતિનો મૂળહક ૨૦
૮. માલમિલકતનો હક ૨૨
૯. ભારતના બંધારણનો આત્મા ૨૪
૧૦. સામાજિક જવાબદારી ૨૬

ખંડ ૨

સરકારની બંધારણીય ફરજો

૧૧. ભારતની સરકારોને આદેશ ૨૯
૧૨. ન્યાયનું રાજ્ય ૩૦
૧૩. ગ્રામ પંચાયત: સ્વરાજનો પાયો ૩૩
૧૪. કામધંધાનો અને શિક્ષણનો હક ૩૬
૧૫. સ્વરાજ એટલે રાષ્ટ્રકુટુંબભાવ ૩૯
૧૬. લોકકલ્યાણ માટે સ્વરાજ ૪૦
૧૭. ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ ૪૨
૧૮. એકસરખો મુલકી કાયદો ૪૫
૧૯. ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ૪૬
૨૦. પછાત વર્ગોની રક્ષા ૪૮
૨૧. મદ્યનિષેધ ૪૯
૨૨. ખેતી અને ગોપાલન ૫૪
૨૩. પ્રાચીન વસ્તુઓની રક્ષા ૫૭
૨૪. અલગ અદાલતી ખાતું ૫૯
૨૫. આંતરરાષ્ટ્રીય વ્યવહાર ૬૦
ઉપસંહાર ૬૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

સ્વરાજની પ્રતિજ્ઞા

સાચું સ્વરાજ એટલે રામરાજ, એમ આપણા રાષ્ટ્રપિતા ગાંધીજી ટૂંકી સૂત્રભાષામાં કહેતા. રામરાજમાં



સમાનતા હોય, દયા-ધર્મ હોય, ન્યાય હોય. સૌ સ્વતંત્રતાથી પોત-પોતાના ધર્મો કે ફરજો સ્વેચ્છાએ પાળતા હોય. સૌ એકબીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી હોય. એમ બધા પોતાના જીવનનો વિકાસ કરતા હોય.

અને રાજા કે રાજ્યકર્તા રામ જેવો એકવચની, સત્યપ્રિય, અને ધર્મી તથા ત્યાગી હોય. તેનું રાજ્ય ન્યાયનું હોય. તે પોતાની પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી હોય; તે પ્રજાનો દાસ કે સેવક બનવામાં પોતાનું રાજાપદ રહેલું છે, એમ સમજતો હોય.

આપણા દેશના બંધારણે આનો વિચાર કરીને, સ્વરાજનો શો અર્થ થાય તે, કાયદાની રીતે શબ્દોમાં ઉતાર્યો છે. રાજાશાહી પદ્ધતિમાં રાજા જુદી વ્યક્તિ હોય છે; તેવી રીતે પ્રજાસત્તાક રાજ્યમાં નથી હોતું. તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજા કે રાજ્યકર્તા પ્રજાથી જુદો નથી હોતો; પ્રજા પોતે પોતાની સરકાર રચે છે, અને તેના દ્વારા પોતાનો રાજ્ય-વહીવટ સંભાળે છે. એને માટે તે પોતાનું બંધારણ ઘડે છે.

તેથી 'સ્વરાજ એટલે શું?' એનો જવાબ આપણું રાજ્ય-બંધારણ જ કહેવાય. તેમાંની મુખ્ય ત્રણ બાબતો જોઈએ તો, સ્વરાજ કે સ્વતંત્રતાનો અર્થ આપણને મળી રહેશે.

બંધારણના પ્રારંભમાં આપણા રાષ્ટ્રે તેની બંધારણ-સભામાં મળીને જે પ્રતિજ્ઞા કરી છે, તે સ્વરાજ્યની પહેલી મુખ્ય બાબત ગણાય.

તેને ધ્યાનમાં રાખીને નાગરિકને કે પ્રજાને અમુક મૂળભૂત હકો નક્કી કરી આપવામાં આવ્યા છે. આ આપણી પ્રજાકીય સ્વતંત્રતાના મૂળ કે પાયાની બીજી બાબત છે.

અને તે પ્રતિજ્ઞાને રાજ્યના વ્યવહારમાં ઉતારવી હોય, તો રાજ્યસંસ્થાએ અમુક ફરજો બજાવવી જોઈએ; અમુક ચોક્કસ રાજ્યનીતિ અખતિયાર કરવી જોઈએ. બંધારણે આ અંગે ભારતની બધી સરકારોને અમુક આદેશો કે આજ્ઞાઓ ફરમાવી છે. હિંદ-સ્વરાજ કેવા પ્રકારનું હશે, તે બતાવનારી આ ત્રીજી મુખ્ય બાબત છે.

આમ સ્વરાજ એટલે શું — એનો જવાબ સમજવા આપણે નીચેની ત્રણ બાબતો બંધારણમાંથી જોઈશું:

૧. સ્વરાજ્યની પ્રતિજ્ઞા; ૨. નાગરિકના મૂળ હકો; અને ૩. સરકારોની બંધારણીય ફરજો.

પહેલી બાબત એ પછીની બેના સારરૂપ કે ઉપોદ્ઘાત જેવી છે. તે પ્રતિજ્ઞા આ પ્રમાણે છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતનું ગણરાજ્ય

૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦

અમે ભારતના લોકોએ પ્રતિજ્ઞાપૂર્વક સંકલ્પ કર્યો છે કે, ભારતને સર્વસત્તાધીશ લોકશાહી ગણરાજ્ય બનાવવામાં આવે; અને તેના બધા નાગરિકોને —

સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે;

વિચાર, વાણી, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા મળે;

દરજ્જાની અને તકની સમાનતા મળે;

તથા દરેક જણનું ગૌરવ તેમ જ રાષ્ટ્રની એકતા જળવાઈ રહે તે જાતની બંધુતા પ્રાપ્ત થાય;—

એ માટે અમે અમારી બંધારણસભામાં આ જાહેરાત કરીને આ બંધારણનો સ્વીકાર કરીએ છીએ; એનો કાયદો કરીએ છીએ અને અમારી જાતને તે અર્પણ કરીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૧

भारतनुं नागरिक हकनामुं

૧

નાગરિકના મૂળહકો

સ્વતંત્ર દેશનું કે સ્વરાજ્યનું ખાસ એક લક્ષણ એ છે કે, તેના નાગરિકને કેટલાક મૂળહક મળે છે. એ હકોને સરકાર પણ છીનવી લઈ ન શકે. એટલે, સરકાર કે ધારાસભા એવું એકે પગલું ભરી ન શકે, જે આ મૂળહકો પર તરાપ મારતું હોય. તરાપ મારતું લાગે, તો કોઈ પણ નાગરિક અદાલતમાં જઈ શકે અને તેની સામે ન્યાય માંગી શકે. જો તે પગલું કે કાયદો અદાલતને મૂળહકો સામે જતાં લાગે, તો આપોઆપ તે પગલું કે તે કાયદો રદબાતલ થઈ જાય. એટલે કોઈ ધારાસભા કે કોઈ સરકારી સત્તા આ મૂળહકો સામે કાંઈ કરી ન શકે. તેથી આ મૂળહકો પ્રજાજનની સ્વતંત્રતાની ઢાલરૂપ ગણાય છે.

આ મૂળહકો દરેક નાગરિકની સ્વતંત્રતા જાળવવાને માટે અને તેની સાથોસાથ આખા સમાજનું કે પ્રજાનું કલ્યાણ પ્રેરવા સારુ છે. તેથી કરીને, જ્યાં તેમનો દુરુપયોગ થાય એમ હોય, ત્યાં આગળ રાજ્યસત્તા તેને સારુ ઘટતી મર્યાદા આંકે છે. એથી કરીને નાગરિક અને પ્રજા બેઉ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળહકોનો સારી રીતે લાભ ઉઠાવી, પોતાનું કામ કરી શકે છે.

આવા મૂળહકો ભારતના બંધારણમાં નક્કી કરવામાં આવ્યા છે. અને તેમાં કહેવામાં આવ્યું છે કે, આ હકો સામે જતા હોય કે તેમને ઉવેખતા હોય એવા જે કોઈ જૂના કાયદાકાનૂનો હોય તે બધા, તે પૂરતા, આપોઆપ રદ થાય છે. અને ભવિષ્યને માટે જણાવવામાં આવ્યું છે કે, બંધારણે આપેલા આ મૂળહકોને લઈ લે કે તે ઉપર કાપ મૂકે એવો કોઈ કાયદો રાજ્ય નહીં કરે; અને કરશે તો તે રદ ઠરશે.

આ મૂળહકો આપણા દેશના બંધારણમાં નીચે મુજબ વિભાગ પાડીને ગોઠવવામાં આવ્યા છે —

૧. સમાનતાનો હક,
૨. સ્વતંત્રતાનો હક.
૩. શોષણ સામે હક,
૪. ધર્મની સ્વતંત્રતાનો હક,
૫. સંસ્કૃતિ અને શિક્ષણનો હક,
૬. મિલકતનો હક, અને
૭. બંધારણપૂર્વક પગલાં લેવાનો હક.

આ સાત વિભાગોમાં બંધારણે નાગરિકને અનેક પ્રકારના મૂળહકો આપ્યા છે. તે હવે ક્રમવાર જોઈશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

સમાનતાનો હક

ભારતના રાજબંધારણમાં નાગારકના મૂળ હકોમાં પહેલો વિભાગ સમાનતાના હકનો છે. તેની કલમ ૧૪થી ૧૮માં તે હક દર્શાવ્યો છે.

ન્યાયી રાજ્યનું સૌથી પહેલું લક્ષણ એ છે કે, રાજદરબારમાં બધા જ પ્રજાજનો કે નાગરિકો સરખા ગણાવા જોઈએ; કાયદો સૌને સરખા ગણીને ચાલવો જોઈએ. કલમ ૧૪મી આ સામાન્ય હક બક્ષે છે. અને તેનો વિગતે થોડો વિચાર કરીને જણાવે છે કે,

૧. માણસનાં ધર્મ, નાતજાત, લિંગ, જન્મસ્થાન કે એમાંના કોઈ પણ કારણે રાજ્ય નાગરિકો વચ્ચે ભેદભાવ નહીં રાખે.

૨. એટલે સાર્વજનિક સુખાકારીને માટે યોજાયેલાં જાહેર સાધનો, મનોરંજનની જગાઓ, ધર્મશાળાઓ, ઘાટ, કૂવાતળાવ, રસ્તા, દુકાનો, હોટેલો વગેરે વાપરવામાં કોઈને કશી રુકાવટ નહીં રહે.

એટલું ખરું કે, સ્ત્રીઓ અને બાળકોને માટે અથવા તો હરિજનો, આદિવાસી ઇ૦ પછાત કોમોને સારુ ખાસ કાંઈ જોગવાઈ કરવાની રાજ્યને જરૂર લાગે, તો તેમાં ભેદભાવ કર્યો એમ નહીં ગણવાનું રાખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. સરકારી નોકરીઓ કે કોઈ પદ પરની નિમણુંકો અંગે પણ કહ્યું છે કે, બધા નાગરિકોને સરખી તક રહેશે. ધર્મ, જાતિ, લિંગ, કુળ, વંશ, વતન કે એવા કોઈ કારણે, કોઈને નોકરીમાં લેવા માટે નાલાયક નહીં ગણાય. અથવા તેથી કરીને ભેદભાવ નહિ રખાય.

આમાં એક અપવાદ રાખ્યો છે અને તે એ કે, એમ લાગે કે, નાગરિકોનો કોઈ પછાત વર્ગ પૂરતા પ્રમાણમાં નોકરીમાં નથી આવતો, તો તે વર્ગ માટે અમુક ટકા નોકરી નિયત કરવાનો બાધ નહીં હોય.

૪. આપણા દેશમાં સૌથી મોટી ને ભયંકર અસમાનતા અસ્પૃશ્યતાએ ઊભી કરી છે. બંધારણ કહે છે કે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવે છે. જે કોઈ તે પળાવશે તે ગુનેગાર ગણાશે ને સજાપાત્ર ઠરશે.

૫. ઇલકાબ મારફતે અંગ્રેજ સરકારે કેટલીક ખોટી અસમાનતા ઊભી કરી હતી. બંધારણ કહે છે કે, રાજ્ય કોઈને ઇલકાબ નહીં આપે. ને પરદેશી રાજ્યનો ઇલકાબ પણ કોઈ લઈ નહીં શકે.

લશ્કરી દરજ્જો કે ભણતર બતાવતી પદવીઓ ઇલકાબ ગણાશે નહીં, એટલે તે ચાલુ રહી શકશે.

આમ ટૂંકમાં સૌની સમાનતા સાચવવાને સારુ હકો આપ્યા છે.

ભારતનું રાજબંધારણ એટલું સ્પષ્ટ કહે છે કે, દક્ષિણ આફ્રિકા પેઠે આપણા દેશમાં કાળા ગોરાનો વર્ણભેદ

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહીં કરી શકાય; તેવો ભેદ કરનારો કાયદો કાયદો જ નહીં ગણાય. આ દેશમાં ધર્મવાર ભેદભાવ રાખવાનું પણ નહીં કરી શકાય. હિંદુ, મુસલમાન, શીખ, પારસી, યહૂદી, ખ્રિસ્તી સૌ ધર્મીઓ રાજ્યની નજરમાં સરખા ગણાશે. આ વસ્તુ એવડી મોટી છે કે, તેને માટે ધર્મની સ્વતંત્રતાનો હક બક્ષતી ખાસ જુદી કલમો મૂકી છે. તે તેના ક્રમે હવે પછી જોઈશું.

૩

સ્વતંત્રતાનો હક

સમાનતા પેઠે જ માણસજાતને સ્વતંત્રતા પણ ખૂબ જ ગમે છે. સ્વતંત્ર થવાને માટે માણસ ગમે તે ભોગ આપે છે; ગમે તે સહન કરે છે; ગમે તેવું જોખમ ખેડવા તૈયાર થાય છે. આપણા દેશની સ્વતંત્રતા સારુ આપણે કેવાં કેવાં જોખમો ખેડયાં છે! શું શું સહન કર્યું છે! એનું કારણ છે — જીવમાત્રને સ્વતંત્ર રહેવું ગમે છે. માણસ તો તેના વગર પોતાની ઉન્નતિ જ કરી ન શકે. તેથી દેશમાં સ્વરાજ આવે તેનો પહેલો અર્થ એ કે, દરેકને પોતાના વિકાસને માટે છૂટ અને સ્વતંત્રતા મળશે. લોકશાહી પદ્ધતિમાં સૌ સરખા ગણાય એટલું જ નહીં, સૌને વ્યક્તિ તરીકે સરખી છૂટ પણ હોવી જોઈએ. અને તેમાં સરકાર પણ વચ્ચે ન આવી શકે. તેથી ભારતના બંધારણમાં સ્પષ્ટ જણાવ્યું છે કે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાને પોતાના વિચારો લખીને કે બોલીને જાહેર કરવાની છૂટ છે.

શાંતિથી અને હથિયારો સાથે રાખ્યા વગર સભા ભરવાની છૂટ છે.

મંડળ કે મહાજન રચવાની છૂટ છે.

ભારતમાં ગમે ત્યાં ફરવા હરવાની તથા રહેવાની, વસવાટ કરવાની છૂટ છે.

મિલકત સંપાડવાની, તે રાખવાની અને વેચવાની દરેકને છૂટ છે.

કોઈ ધંધોરોજગાર કે કામકાજ કરવાની છૂટ છે.

સાર્વજનિક હિતની દૃષ્ટિએ તથા બીજાના વાજબી હકની રક્ષાનો ખ્યાલ કરીને આવી સ્વતંત્રતા પર જે મર્યાદા હોવી જોઈએ, તે મર્યાદાઓ જ તેની ઉપર મૂકી શકાશે; બીજી નહીં.

આમ, હિંદનું બંધારણ દરેકને પોતાના વિચાર રજૂ કરવા માટે લખવા ને બોલવાની કે છાપવાની છૂટ, કોઈ પણ બાબતમાં સભા ભરવાની છૂટ, કોઈ રીતનું મંડળ કે મહાજન રચવાની છૂટ, દેશમાં ગમે ત્યાં રહેવાની ને ઠીક લાગે તે ધંધોરોજગાર કરવાની છૂટ — દરેક નાગરિકને તેના કાનૂની હક તરીકે આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

જાત-સલામતીનો હક

કાયદાની નજરમાં સૌ સરખા હોવા જોઈએ. બીજું, કાયદામાં રહીને વર્તનાર સૌને, તે મર્યાદા અંગીકાર કર્યા પછી, પૂરી સ્વતંત્રતા હોવી જોઈએ.

આ ઉપરાંત એક બીજી વાત પણ રહે છે, તે નાગરિક પર સરકારે હાથ નાખવાની સત્તા વિષે. ગમે તેને ગમે તેમ પકડી શકાય કે પજવી શકાય, એમ ન બની શકે. દરેક નાગરિકને આ બાબતમાં સલામતી મળવી જોઈએ. બંધારણે આ વસ્તુને પણ મૂળહકમાં મૂકી છે. તે કલમોનો સાર જોઈએ :

કોઈ માણસના જાન કે તેની અંગત સ્વતંત્રતા પર, કાયદાએ સ્થાપિત કરેલી નીતિરીતિ મુજબ જ, હાથ નાખી શકાશે. તે સિવાય તે છીનવી નહીં શકાય.

ગુનો કરે તેને જ કાયદા પ્રમાણે સજા થઈ શકશે. ગુનો થાય તે વખતે જે કાયદો અમલમાં હોય, તેના ભંગ સિવાય કોઈ ગુનાની સજા નહીં હોઈ શકે. એટલે કે, બની ગયેલી બાબત વિષે પછીથી કાયદો કરી તેને ગુનાવાર ઠરાવી સજા ન કરી શકાય.

વળી, એકના એક ગુનાસર ફરી કામ ચલાવવામાં કે ફરી સજા કરવામાં નહીં આવે.

કોઈ ગુના માટે આરોપીને પોતાની જ સામે સાક્ષી બનવાની ફરજ નહીં પાડી શકાય. એટલે કે, ગુનો થયાનું સાબિત કરવાની જવાબદારી તેનો આરોપ મૂકનાર પર હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુનેગારને પકડીને પૂરી રાખવામાં આવે ને અદાલત આગળ રજૂ ન કરાય, કે શું કામ પકડ્યો તેનું કારણ ન જણાવાય, તો એ જુલ્મ ગણાય. તેથી નાગરિકના મૂળ હકમાં કહ્યું છે કે, પકડવામાં આવેલ માણસને, બને તેટલાં જલદી તે માટેનાં કારણો જણાવ્યા વગર, પૂરી રાખવામાં નહીં આવે. તેને પોતાને ફાવે તેવો વકીલ રોકી બચાવ કરવાનો હક રહેશે. પકડ્યા પછી ૨૪ કલાકની અંદર તેને મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો જોઈશે.

આ વસ્તુ તો સામાન્ય ગુના માટે થઈ. પરંતુ યુદ્ધ વખતે તથા રાજ્યની હસ્તીને જ ભયમાં મૂકી દે તેવી બાબતોમાં પકડવા અંગે ખાસ વિચાર કરવો પડે છે. તેવે પ્રસંગે મૅજિસ્ટ્રેટ આગળ આરોપીને રજૂ કરવાની બાબત લાગુ ન પડે. જેમ કે, યુદ્ધ વખતે એવા માણસ મળી આવે, જે પરદેશી શત્રુપક્ષના હોય. અથવા ગુનો થતો રોકવાની જરૂર હોય; તે વખતે અમુક માણસ ગુનો કરશે તેવું માનવાને સરકારને કારણ મળે, તો તેને અટકમાં લેવો પડે છે.

પણ અટકમાં લેવાનો અધિકાર અમર્યાદિત ન હોઈ શકે. તેથી એવી મર્યાદા આંકી છે કે, સામાન્યપણે ત્રણ માસથી વધુ મુદત અટકમાં નહીં રખાય.

કોઈ વાર તેથી વધારે મુદત માટે અટકની જરૂર લાગે, તો તેનો ખાસ કાયદો કરવો જોઈએ; પરંતુ તે કરતા પહેલાં હાઈકોર્ટના ન્યાયાધીશ જેવી લાયકાતના માણસોની સલાહ-સમિતિ નીમવી જોઈએ. અને તે એવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર છે એમ કહે તો જ ત્રણ માસની મુદત વધારવાનો કાયદો કરી શકાય.

અંગ્રેજી રાજ્ય ચાલતું હતું ત્યારે અટકમાં લેવાની સત્તા લડતોને દાબવા સારી પેઠે છૂટથી ને ગમે તેવી જહાંગીરીથી વપરાતી. તેથી આપણા લોકોને આ સરકારી સત્તાનો બહુ માઠો અનુભવ મળ્યો છે. તે સામે બંધારણે જે સંરક્ષણ આપ્યું છે તે ભારે રાહત છે.

૫

વેઠ અને ગુલામીની મનાઈ

નાગરિકને જાત-સલામતી માટે સરકાર તરફથી જ ભય હોય છે, એમ નથી. સમાજના બીજા નાગરિકો તરફનો પણ ભય રહે છે. જેમ કે, તવંગર અને સત્તાધારી લોકો ગરીબ લોકનો ગેરલાભ ઉઠાવે. દુનિયામાં આવું બહુ થયું છે. જેમ કે, લોકોને પકડીને ગુલામ તરીકે વેચવામાં આવતા. ગુલામોનો વેપાર ચાલતો. માલેતુજાર લોક ગરીબોને વેઠે પકડતા. નાનાં છોકરાંને કંઈક આપ્યું ન આપ્યું, અને તેની પાસે આખો દહાડો વૈતરું લેવાય.

પારકાની મજૂરી કે જાત ઉપર હાથ નાખીને તેને ચૂસવાની આવી આવી રીતો દુનિયામાં ઘણી ચાલી છે. તે સામે નાગરિકને ભારતના બંધારણ તરફથી રક્ષણ આપવામાં આવ્યું છે, અને આવા શોષણ સામે થવા નાગરિકને કાનૂની હક અપાયો છે. બંધારણની કલમ ૨૩, ૨૪માં કહ્યું છે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસનો વેપાર કરવો અથવા કોઈ પણ રૂપે વેઠ કરાવવી એની મનાઈ છે. (કોઈ રીતે) એનો ભંગ કરનાર ગુનેગાર ગણાશે ને તેને કાયદેસર સજા થશે.

ચૌદ વર્ષની ઉંમરથી નીચેના કોઈ પણ બાળકને કારખાનામાં કે ખાણમાં કામે રાખી નહીં શકાય; અથવા તો એવા કોઈ જોખમકારક કામમાં નહીં લેવાય.

૬

ધર્મની સ્વતંત્રતાનો મૂળહક

અંગ્રેજીમાં એક કહેવત છે કે, માણસ અન્ન ખાઈને જ જીવતો નથી; તે ઉપરાંત પણ તેના જીવનની જરૂરિયાતો છે. સારી રીતે જીવવા માટે તેને ધર્મ, નીતિ, પ્રેમ, ભક્તિ વગેરે આધ્યાત્મિક બાબતોના ખોરાકની પણ જરૂર છે. એટલે માત્ર જાત-સલામતીનો હક બસ નથી. તેને પોતાના અંતરાત્માના જીવન વિષે પણ સલામતી હોવી જોઈએ. કારણ કે મનુષ્યસમાજના ઇતિહાસમાં માણસોએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો ઉપર ધર્મને નામે, નીતિને નામે, પરમેશ્વરને નામે પણ જોરજુલમ ગુજાર્યો છે. જેમ કે, યુરોપમાં ખ્રિસ્તી સંપ્રદાયોએ માંહોમાંહે ખૂબ ખૂનરેજી કરી હતી. આદિ ખ્રિસ્તીઓ ઉપર ન ગુજારવાના જુલમો ગુજારવામાં આવેલા. પારસીઓ ધર્મને સાચવવા માટે ઈરાનથી હિંદ આવ્યા હતા. અમેરિકા જઈને વસનારા થોડાક યુરોપી લોકો પણ એ જ કારણે યુરોપથી ત્યાં નાસીને ગયા હતા.

બીજા દેશોની સરખામણીમાં આપણા દેશમાં આ બાબતમાં બહુ પહેલેથી ઉદારતાની નીતિ રહેલી છે. અહીં ધર્મને નામે યુદ્ધો થયાં નથી. ધર્મની બાબતમાં જોર કરીને કોઈને વટલાવવું, એ આપણે ત્યાંની પરંપરામાં જ નથી.

પણ ધીમે ધીમે એમાં ફરક થતો ગયો છે. છેલ્લાં કેટલાંક સૈકાંથી નવી અસરો પડતી ગઈ છે; અને તેથી બંધારણમાં આ વિષે પણ સ્પષ્ટ જોગવાઈઓ કરવાની જરૂર પડી છે.

બંધારણસભાએ બંધારણના કાયદામાં કહ્યું છે કે—

૧. જાહેર વ્યવસ્થા, નીતિ અને આરોગ્ય કે સુખાકારીની તથા સમાજહિતની બીજી મર્યાદામાં રહીને, બધા માણસો પોતપોતાના અંતરાત્માની સ્વતંત્રતાના સરખા હકદાર છે; અને તેઓ છૂટથી પોતપોતાના ધર્મનું પાલન અને તેનો પ્રચાર કરી શકશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. કોઈ કહે, હરિજનોને મંદિરોમાં જવા દેવા કે બીજી સાર્વજનિક હિંદુ સંસ્થાઓનો ઉપયોગ કરવા દેવો, એ તો અમારી ધર્મસ્વતંત્રતા પર તરાપ છે. આથી કરીને સ્પષ્ટતા કરવામાં આવી છે કે, આ બરોબર નથી. રાજ્ય આવા અન્યાયો દૂર કરવા કાયદા વગેરે કરી શકશે.

૩. સમાજહિતની મર્યાદામાં રહીને દરેક ધર્મીઓ પોતપોતાની સખાવતો, સંસ્થાઓ વગેરે રચી શકશે; તેને અંગે મિલકત રાખી તેનો વહીવટ તેઓ કરી શકશે.

૪. જેનાં નાણાં કોઈ અમુક ધર્મ અથવા પંથ કે સંપ્રદાયના નિર્વાહ કે ઉત્તેજનને માટે ખાસ વપરાય, એવા કોઈ કરવેરા ભરવાની ફરજ કોઈને પાડી શકાશે નહીં.

૫. રાજ્યને પૈસે ચાલતી શિક્ષણસંસ્થાઓમાં ધર્મનું શિક્ષણ આપવામાં નહીં આવે.

અને રાજ્યે માન્ય કરેલી કે તેની મદદથી ચાલતી કોઈ શાળામાં ધર્મનું શિક્ષણ અપાતું હોય, તો તે વર્ગમાં હાજર રહેવાની વિદ્યાર્થીને ફરજ પાડી નહીં શકાય. બાળકો નાનાં હોય તો તેમના વાલીની રજા લેવી જોઈશે.

આપણા જેવા દેશમાં જ્યાં અનેક ધર્મોએ આવીને ઘર કર્યું છે, ત્યાં આવી ઉદારતા એ જ સાચો ધર્મ છે. અને એમ સમજી દરેક ધર્મીઓ ચાલે એ જોવાની રાજ્યની ફરજ થાય છે. ઉપરની કલમો આ ફરજ બજાવવામાં મદદરૂપ છે, અને દરેક નાગરિકને તેના ધર્મનું પાલન કરવાને માટે ઘટતી બધી સ્વતંત્રતા આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોગવાઈઓમાં રહેલો ઉદારભાવ ન સમજવાથી કેટલાક લોક કહે છે, આવું રાજ્ય તો ધર્મરહિત રાજ્ય ગણાય અને તે તો બહુ ખરાબ. આ અણસમજ છે. રાજ્ય કોઈ એક અમુક ધર્મસંપ્રદાયને ન માને, પણ સૌ પ્રત્યે સમાનભાવ ને ન્યાયભરી ઉદાર દૃષ્ટિ રાખે, એ જ એક ધાર્મિકતા છે. અને એ ગુણ દરેક રાજ્યનો હોવો જોઈએ. તો જ તે ધર્મપરાયણ રાજ્ય થઈ શકે; નહીં તો તે ધર્મઝનૂની બનવાનો પૂરો ભય રહે.

૭

શિક્ષણ અને સંસ્કૃતિનો મૂળહક

માણસનો સ્વભાવ છે કે તે સમાજમાં રહે; અને સમાજ પણ તેને ઘડ્યા વગર ન રહે. સમાજ થાય એટલે રાજ્યવ્યવસ્થા કે રાજ્યતંત્ર ઊભું થાય, અને તેની હકૂમતમાં માણસ રહે. આમ રાજ્યતંત્રમાં આવેલો માણસ નાગરિક બને છે. કેવળ કુદરતી જીવનમાં જો માણસ રહી શકે, તો તેને 'નાગરિક' બનવાનું ન થાય. કુદરતની હકૂમતમાં રહેતાં બીજાં પ્રાણીઓ પેઠે તે પણ કુદરતી જીવન ગુજારે. પણ તેવી રીતે રહેવાનું નસીબ માણસ માટે નથી. એ જ એની બીજાં પ્રાણીઓથી જુદાઈ છે.

આમ નાગરિક બનવાની સાથે, બે ચાર બાબતોની પોતાને સલામતી છે, એવી એને ખાતરી મેળવવાની ગરજ ઊભી થાય છે. રાજ્યતંત્રે એ એને આપવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાગરિકની જવાબદારી અને ફરજો ઉઠાવનાર દરેક માણસનો એ મેળવવાનો મૂળહક બને છે.

હિંદનું બંધારણ આ અંગે જે મૂળહક બક્ષે છે, તેમાંના પ્રથમ ચાર આપણે અગાઉ જોઈ ગયા. હવે શિક્ષણ અને સંસ્કૃતિ વિષેનો મૂળહક જોઈએ.

આ બે વસ્તુઓ, મહત્ત્વની દૃષ્ટિએ, ધર્મ જેટલી નહીં, તોપણ તેથી બીજે નંબરે જરૂર આવે છે.

એ બાબતમાં ભારતનું બંધારણ (કલમ ૨૯, ૩૦) નાગરિકને નીચે પ્રમાણે ખાતરી આપે છે:–

૧. ભારતમાં કે તેના કોઈ પણ ભાગમાં વસતા નાગરિકોના કોઈ પણ વિભાગને પોતાની ખાસ ભાષા, લિપિ કે સંસ્કૃતિ હોય, તેને સંભાળવાનો એને હક હશે.

૨. ધર્મ, જાતિ, નાતજાત, ભાષા, અથવા તો એમાંના કોઈ એકને જ કારણે, કોઈ પણ નાગરિકને, રાજ્ય વડે ચલાવાતી કે રાજ્ય પાસેથી મદદ મેળવતી કોઈ પણ શિક્ષણસંસ્થામાં દાખલ કરવાનું ના પાડી શકાશે નહીં.

૩. ધર્મ કે ભાષાને આધારે રચાયેલી હોય એવી બધી જ લઘુમતીઓને, પોતાને પસંદ હોય એવી શિક્ષણ-સંસ્થાઓ સ્થાપવાનો અને ચલાવવાનો હક હશે.

૪. શિક્ષણસંસ્થાઓને મદદ આપવાની બાબતમાં, રાજ્ય કોઈ સંસ્થાને અંગે એવે કારણે ભેદભાવ નહીં કરી શકે કે, તે સંસ્થા ધર્મ કે ભાષાને આધારે રચાયેલી એવી કોઈ લઘુમતી ચલાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરથી દેખાય છે કે, દરેક કોમ કે ભાષાવાર સમૂહ પોતાની ભાષા અને જીવનપદ્ધતિ સંભાળી શકશે અને તે પ્રમાણે પોતાનાં બાળકોને ઉછેરવા માગે તો તેવા શિક્ષણની જોગવાઈ કરી શકશે. સરકાર પોતે એમાં વાંધો નહીં લે, અને અમુક તમુક પ્રત્યે ખાસ પક્ષપાત પણ નહીં દાખવે.

૮

માલમિલકતનો હક

જાત, ધર્મ, સંસ્કૃતિ અને શિક્ષણ ઉપરાંત દરેક જણ મિલકત વિષે પણ સલામતી ચાહે છે. જાન જેટલું જ મહત્ત્વ માણસ પોતાની માલમિલકતને આપે છે; કેમ કે એ એનો દુનિયાદારીનો આધાર છે. તેથી તો જાન-માલનું રક્ષણ જે રાજ્યમાં ન મળે, તેને રાજ્ય પણ ન કહેવાય, એવી લોકસમજ પડી ગઈ છે.

બીજી તરફથી માલમિલકત પર બીક પણ એવી જ મોટી હોય છે. ચોર ડાકુ તે ઉઠાવી જાય, એ તો ઉઘાડી બીક. બીજો નાગરિક અન્યાયથી તે પચાવી પાડે કે હડપ કરી જાય, એ બીજી બીક. રાજ્યે આ બંને બાબતમાં વચ્ચે ઊભા રહીને ન્યાય તોળવો જોઈએ અને ચોર ડાકુને દાબવા જોઈએ.

પરંતુ રાજ્ય તરફથી પણ મિલકત ઉપર બીક રહે છે. રાજા તે લઈ લે, છીનવી લે. આથી ભર્તૃહરિએ તો એમ કહ્યું છે કે, ધનને રાજાનો ભય હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આજે તો માલદાર ને ધનવાન લોકોમાં એવો ભય છે કે, સમાજવાદ આવશે તો રાજ્ય બધું લઈ લેશે, ઉદ્યોગ-ધંધા ને તેમાં પડેલી મૂડી તથા જમીનજાગીરો સરકાર-માલકીની થઈ જશે. આ બીકના માર્યા કેટલાય લોક ન કરવાનાં છાનાંછપનાં કરે છે.

આથી કરીને દરેક નાગરિકને બંધારણમાં મિલકત બાબતમાં તેને શા હક રહેશે, એની ચોખવટ કરી આપવામાં આવી છે. તેની કલમો હવે જોઈએ.

પહેલી વાત તેમાં એ કરી છે કે, કાયદાની સત્તા સિવાય કોઈની મિલકત છીનવી લઈ શકાશે નહીં.

રાજ્યને કોઈ મિલકત લેવાની જરૂર પડે, તો તે લેવા માટે જોગવાઈ કરતો કાયદો થવો જોઈએ. પણ તેમાં સાફ કહેવું જોઈએ કે, તે લેવા પેટે તેના ધણીને અમુક નિયમથી વળતર મળશે. વગર વળતરે કોઈની મિલકત રાજ્ય લઈ નહીં શકે.

એટલે, ભારત રાજ્યમાં કાયદેસર મિલકત ધરાવવાનો દરેકને હક છે. તે જો રાજ્યે કબજે લેવી પડે, તો તેનું યોગ્ય વળતર આપવું જોઈશે. રાજ્ય કરવેરા કે દંડ લે તે આમાં ન ગણાય. અથવા તો રાજ્યને જાહેર સુખાકારી કે જાનમાલની રક્ષા માટે કાંઈ કરવું પડે, તો તે પણ ન ગણાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૯

ભારતના બંધારણનો આત્મા

ભારતનું બંધારણ દરેક નાગરિકને જે મૂળહકો બક્ષે છે, તે અત્યાર સુધીમાં આપણે જોઈ ગયા. ખરું જોતાં બંધારણનું હાર્દ આ હકો જ છે. સામાન્ય રૈયતનો માણસ જે માગે છે તે આવા હકો છે. પ્રામાણિકપણે પોતાની રીતે છૂટથી તે જીવન ગાળવા માગે છે. તેને એ વિષે ખાતરી મળવી જોઈએ કે, સરકારી સત્તા તેમાં દખલ નહીં કરે એટલું જ નહીં, મદદરૂપ બનશે. મૂળ-હક આ વસ્તુ તેને આપે છે. તે હક પરરાજ્યમાં તેને નહોતા; સ્વરાજ્યમાં તેને પહેલી વાર મળે છે.

પરરાજ્ય કાંઈ હકો આપે તોય તે પાળે તેટલા ખરા; પણ તેને બંધારણીય કે કાનૂની કશી જવાબદારી નહોતી. પણ સ્વરાજનું બંધારણ કાનૂની હબે આ મૂળહકો દરેક પ્રજાજનને, વગર ભેદભાવ રાખ્યે, આપે છે; અને સરકાર તેમ જ પ્રજા બંને સરખી રીતે એ હકોની રક્ષા કરવા જવાબદાર છે. આપણા રાષ્ટ્રના બંધારણનો એ પાયો છે; તેની ઉપરવટ કોઈ સરકાર ન થઈ શકે; જો થાય તો પ્રજા તેને અદાલત મારફત સાનમાં લાવી શકે. આ મૂળહકો આપણા રાષ્ટ્રના જીવનમાં સચવાય, એ જોવાનું કામ પ્રજાનું જ નહીં, હવે અદાલતનું પણ બને છે. એ હકોની રક્ષાને માટે અદાલતોને પણ પૂરી સત્તા બંધારણે આપી છે. એ રીતે ન્યાયનું આસન સર્વોપરી થયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ હકોનો ભંગ કરનારને માટે શિક્ષા ફરમાવતા કાયદા કરવાની સત્તા વડી ધારાસભાને આપવામાં આવી છે. એટલે કે, મૂળહકનો ભંગ આપણા દેશમાં ગુનો ઠરે છે.

આ હકોની અમલ-બજાવણીમાં એક બે બાબતો માટે અપવાદ છે. એક તો એ કે, લશ્કર અંગે કે સરકારી નોકરો લશ્કરી કાયદાનો અમલ કરતા હોય તેવે વખતે, નિયત સમયને માટે, કાંઈક છૂટછાટ આપવાનો હક વડી ધારાસભા પાસે છે. આ હક પ્રજાના પ્રતિનિધિઓ જ દાખવી શકે, સરકારના અમલદારો નહીં, એ ધ્યાન રાખવું જોઈએ.

ભારતના બંધારણમાં ન્યાય મેળવવાનો આ મૂળ હક એક બહુ મોટી વાત છે. ડૉ. આંબેડકરે બંધારણના આ પ્રકરણને તેનો આત્મા ને તેનું હાર્દ કહ્યું છે, તે તદ્દન ખરી વાત છે.

પ્રજાજનો આ હકો ભોગવી શકે તેમ કરવા માટે તેમણે અરસપરસ તે હકો સામાને ભોગવવા માટે અનુકૂળ બનવું જોઈએ. હકો એમની સામેની આ જવાબદારી સ્વીકારવાથી જ સચવાઈ શકે છે. હક અને જવાબદારી સાચા નાગરિક ધર્મની ઢાલનાં બે પાસાં છે; અને તેનું સવળું પાસું જવાબદારી છે, કેમ કે તે હોય તો હક આપોઆપ મળી જ રહે છે. હકની ચાવી જવાબદારી પાસે રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૦

સામાજિક જવાબદારી

વિચારક પુરુષો કહે છે કે, આજે જગતમાં સામાજિક ગુણોની ભારે ઊણપ જણાય છે, તેથી કરીને આજના સમાજને ઘણું દુઃખ વેઠવું પડે છે. માણસ એક વ્યક્તિ તરીકેના વ્યવહારોમાં સારો, સુશીલ અને વિવેકી હોય છે; પરંતુ સામાજિક કામમાં તેના એ ગુણો ક્યાંય ઊડી જાય છે.

આના અનેક દાખલા આપી શકાય. આપણા પોતાના સમાજના થોડાક દાખલા જોઈએ. આપણી ગંદકી જ જુઓ. આપણાં ઘર કેવાં સ્વચ્છ હોય છે! પણ આપણી પોળો, આપણી શેરીઓ, આપણાં ફળિયાં, આપણાં ગામડાં કેમ એવાં સ્વચ્છ નથી હોતાં? એનું એક જ કારણ છે કે, આપણે સામાજિક જવાબદારીનો ગુણ જોઈએ તેટલો કેળવ્યો નથી; આપણે સામાના સુખ માટે બેદરકાર રહીએ છીએ. મારા આંગણાનો કચરો વાળીને હું પડોશીના આંગણામાં ફેંકું; મારી બારીએથી હું કચરો ફેંકું, પાણી ઢોળું, થૂંકું, અને એમ કરતાં નીચેથી ચાલનારનો ખ્યાલ સરખો ન કરું! આ કેવી બેજવાબદારી, કેવી બેદરકારી ગણાય!

કાયદામાં એક કહેવત છે કે, 'તમારી વસ્તુનો એવો ઉપયોગ કરો, જેથી બીજાને હાનિ ન પહોંચે.' એ જ વાક્ય ગીતાજી બીજી રીતે કહે છે, 'જે મનુષ્ય પોતાને બીજામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુએ છે અને બીજાને પોતામાં જુએ છે, તે જ જોનારો છે, તે જ જ્ઞાની છે.' આ સિદ્ધાંતનો આપણે ડગલેને પગલે ભંગ કરીએ છીએ. તેથી જ આપણને અને આપણા સમાજને અનેક આફતો અને પંચાતો વહોરવી પડે છે.

સુધરાઈએ કરેલી દીવાબત્તી, મોરી તથા રસ્તાની સવડ વગેરેનો તેમ જ રેલવે વગેરે બીજી સાર્વજનિક સુખસગવડોનો ઉપયોગ કરવામાં પણ જે અનેક જાતની બેદરકારી જોવામાં આવે છે, તેથી પણ કેટલો ત્રાસ વેઠવો પડે છે? આ બધામાં ઉપર કહેલું કાયદાનું કે ધર્મનું વાક્ય જો પાળવામાં આવે, તો કેટલો બધો ફેર પડે?

દેશના રાજતંત્ર અને સરકાર સાથેના વર્તનમાં પણ આવી જ ઊણપો જોવામાં આવે છે. આજના જમાનામાં પ્રજાતંત્ર એ લોકપ્રિય રાજ્યપદ્ધતિ મનાય છે. એ પદ્ધતિની સફળતાની ચાવી પ્રજાની સામાજિક કેળવણીમાં રહેલી છે. પ્રજાના દરેક માણસે આખા દેશને પોતાના ઘર સમાન ગણીને અને તેમાં વસતા દરેકને પોતાના ભાંડુ બરોબર સમજીને વર્તતાં શીખવું જોઈએ. પોતાના દેશનું સ્વરાજ બરોબર ચાલે તેને સારુ જે જે ગુણ કેળવવા જોઈએ તે કેળવવાનો, તથા જે જે ફરજો અદા કરવી જોઈએ તે અદા કરવાનો, તેના દરેક શહેરીએ પોતાનો ધર્મ સમજવો જોઈએ. જે દેશમાં આ પ્રકારની સમજ ન વધે, તે દેશ સ્વરાજ ભોગવતો હોય તોપણ તે પોતાનું સ્વરાજ ન સંભાળી શકે, અને ત્યાંના લોકો સલાહસંપથી લાંબો કાળ એકત્રિત પણ ન રહી શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક જ દાખલો લઈએ. અમલદારોને લાંચરુશવત અપાય છે, એ સૌ દેશોમાં બનતી વાત છે. પરંતુ જે દેશના પ્રજાજન પોતાના સમાજ-ધર્મમાં કેળવાયા હોય, તેઓ આવું પાપ કદી નહિ કરે. પોતાને સોંપેલું કામ કરવું એ દરેક સરકારી કે ખાનગી નોકરનું કર્તવ્ય છે. તે ન કરે તો એ દંડને પાત્ર થાય છે; દેશની એ કુસેવા કરે છે. પરંતુ, એ લાંચ લે છે અને સંકુચિત મનના લોકો પોતાનો નાનકડો લાભ જોઈને એ આપે છે. એટલે આ કુટેવને માટે આપણે અમલદારને જ એકલાને નિંદવો ન જોઈએ. તેને એ કુટેવ પાડનાર અને તેને નભવા દેનાર પ્રજાજનો પણ તેના જેટલા જ જવાબદાર છે. બલ્કે તેઓ જ વધારે જવાબદાર છે, કારણ કે તેમણે જ તેને આ ટેવ પાડી છે; તેઓ ધારે તો તેની તે ટેવ તરત જ નાબૂદ કરી શકે.

આ રીતે પોતાનું વર્તન વિચારપૂર્વક ઘડવું, એ ધર્મદૃષ્ટિએ પણ જરૂરનું છે; અને એથી જ સમાજમાં યોગ્ય વર્તન રાખવું, એ ધર્મનો પણ એક ભાગ છે. એ ભાગને સમાજધર્મ કહેવામાં આવે છે. એનો પાયો ઉપર કહેલી જવાબદારી કે પારકાના સુખની દરકારમાં રહેલો છે. આ ગુણમાંથી બીજા અનેક નાના મોટા ગુણો ફૂટે છે. તે બધા સામાજિક ગુણો પણ ચારિત્ર્યનો એક ભાગ ગણાય. તેથી દરેકે આ ગુણો સંભાળપૂર્વક પોતામાં કેળવવા જોઈએ. એમાં સજ્જનતા છે અને સફળ સ્વરાજની ચાવી પણ રહેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सरकारनी बंधारणीय फरजो

૧૧

ભારતની સરકારોને આદેશ

ભારતના રાજ્યબંધારણે દરેક નાગરિકને મૂળહકો બક્ષ્યા છે. એ હકો એવા છે કે જેને વિષે દાદ-ફરિયાદ કરી શકાય; અદાલતો તે વિષે સજાગ રહે. એટલે ભારતની વડી તથા પ્રાંતિક બધી સરકારો એમને નિયમ રૂપે માન આપીને ચાલવા બંધાઈ છે.

આ ઉપરાંત બંધારણમાં બીજી કેટલીક એવી બાબતો છે કે જે નાગરિકની કે પ્રજાની સુખાકારી તથા આબાદીને માટે ખૂબ જરૂરની છે; પણ તેમનો અમલ જો સરકારો ન કરે, તો તે અદાલતો મારફત કરાવી ન શકાય. એટલે કે, સરકાર કેમ નથી કરતી, એવી ફરિયાદ અદાલત આગળ ચાલી ન શકે.

તો પછી એ બાબતો કહેવાનો શો અર્થ? — એમ સવાલ થાય. એનો અર્થ ઘણો છે. એ બાબતો એમ બતાવે છે કે, સ્વરાજ સરકારની રાજ્યનીતિમાં એ બાબતો વિષે બનતાં પગલાં ભરવાં, એ ચર્ચા કે વાદવિવાદની વાત નથી; પણ એ તો ભારતની રાજ્યનીતિના સિદ્ધાંત સમાન છે. તેથી તે બાબતોને મૂળહક ન કહેવાય, પણ તે રાજ્ય-નીતિ સંબંધી બંધારણે આપેલા આદેશો છે, સ્વરાજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરકારની બંધારણીય ફરજો તે છે. એ આદેશોનું પાલન કરવા વિષે સરકારો સવાલ નહીં ઉઠાવી શકે.

આ આદેશો કઈ કઈ બાબતોમાં આપેલા છે તે જોવાથી જણાશે કે, મૂળહક પેઠે આ આદેશો પણ આપણા રાષ્ટ્રની સિકલ આગળ પર કેવી થશે તે બતાવે છે. પ્રજા અને સરકાર બંનેએ એ આદેશોને વફાદાર રહીને આગળ ચાલવું જોઈએ.

૧૨

ન્યાયનું રાજ્ય

આજે જે તે કહે છે કે, હિંદમાં સ્વરાજ્ય તો આવ્યું, પણ હવે તે સુરાજ્ય પણ બને એ જોવું જોઈએ. વાત ઠીક છે, પણ એ યાદ રાખવું જોઈએ કે, સુરાજ્યની પહેલપ્રથમ શરત સ્વરાજ હોવું એ ગણાય. તે આજે પૂરી થઈ છે; હવે આગળ શું કરવાનું રહે છે, તેનો નક્શો આ આદેશો બતાવે છે.

તેમાં સૌથી પહેલી વાત ન્યાયરાજ્યની કરી છે. ખરું જોતાં રાજ્ય એટલે જ ન્યાય. જ્યાં ન્યાય નથી ત્યાં રાજ્ય નથી. રાજ્ય ન્યાયનું હોવું જોઈએ; અને હરેક કાયદો ન્યાયી હોવો જોઈએ. સુરાજ્યનો પ્રાણ ન્યાય છે. એ વગર સ્વરાજ પણ કડવું ઝેર લાગે.

અને ન્યાય એટલે ધર્મ. આપણાં પુરાણોમાં યમરાજાને ધર્મરાજા પણ કહ્યો છે, અને તે જીવમાત્રને અટળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાય ચૂકવે છે, એમ કલ્પ્યું છે. ન્યાય વગર રાજ્ય ધર્મરાજ્ય કે રામરાજ ન બની શકે. તેથી જ ન્યાય એ હરકોઈ રાજ્ય કે રાજ્યપદ્ધતિનો પ્રાણ છે — તેનો આત્મા છે. અંગ્રેજી ભાષામાં 'કાયદાનું રાજ્ય' એવો શબ્દપ્રયોગ છે. એને બદલે 'ન્યાયનું રાજ્ય' કહેવું વધારે સારું છે. કારણ કે, કાયદો સારો કે નરસો હોય, ન્યાયી કે અન્યાયી હોય. તેથી ન્યાયનું રાજ્ય એટલે સુરાજ્ય, એ બરોબર શબ્દપ્રયોગ છે.

અને આ ન્યાય સમાજજીવનનાં બધાં અંગોમાં વ્યાપવો જોઈએ. તેથી જ મૂળહકોમાં કાયદા અને કોરટ આગળ સૌની સમાનતા, ઊંચનીચના ભેદનો નાશ, વગેરે બાબતો મુકાઈ છે, એ આપણે જોયું. આ વસ્તુ સામાન્યપણે રાજ્યની સમગ્ર નીતિમાં ઓતપ્રોત રહેવી જોઈએ. ભારતની સરકારોને જે આદેશો અપાયા છે, એમાં પ્રથમ આદેશ આ જ છે. તેની કલમ ૩૮માં કહેવામાં આવ્યું છે કે,

"રાષ્ટ્રજીવનનાં બધાંય અંગોમાં સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાયની પ્રેરણા ઓતપ્રોત હોય, એવી સમાજવ્યવસ્થા બને તેટલી રચવી અને તેનું સંરક્ષણ કરવું; અને એમ કરીને લોકકલ્યાણ વધારવા માટે રાજ્ય પ્રયત્નશીલ રહેશે."

આ સામાન્ય આદેશ આપ્યા પછી, બંધારણ તેની પછીની કલમ ૩૯માં કેટલીક ખાસ બાબતો ગણાવે છે અને તેમાં ન્યાય સંભાળવા ફરમાવે છે. તેમાં કહ્યું છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ખાસ કરીને નીચેની બાબતો સાધવાને માટે રાજ્ય પોતાની નીતિ યોજશે —

૧. સ્ત્રી પુરુષ બધા નાગરિકોને સમાનતાપૂર્વક પોતાના નિર્વાહનું પૂરતું સાધન મેળવવાનો હક હશે.

૨. સમાજની સંપત્તિની માલકી અને તે ઉપર કાબૂ એવી રીતે વહેંચાયેલાં હશે કે જેથી સર્વોદય કે સૌ કોઈનું વધુમાં વધુ ભલું થાય.

૩. આર્થિક તંત્ર કે વ્યવસ્થા એવાં ન ચાલે કે જેને પરિણામે સંપત્તિ અને ઉત્પાદનનાં સાધનો એવાં એકહથ્થુ કે કેન્દ્રિત થઈ જાય કે જેથી કરીને સર્વના ભલાને હાનિ પહોંચે.

૪. સરખા કામ પેટે સ્ત્રી અને પુરુષને સરખું મહેનતાણું મળે.

૫. સ્ત્રી-પુરુષ કામદારોની શક્તિ તથા તબિયતનો અને બાળકોની કુમળી વયનો ગેરલાભ નહિ લેવાય. અને આર્થિક લાચારીના માર્યા નાગરિકોને એવા ધંધામાં ન પડવું પડે કે જે એમની ઉંમર અને શક્તિને માફક ન હોય.

૬. નાનાં છોકરાં તથા જુવાનોનું શોષણ થાય તથા તેઓ પોતાના નૈતિક અને ભૌતિક વિકાસમાં રખડી જાય, એ સામે સંરક્ષણ મળે."

નવા બંધારણમાં પુખ્ત મતાધિકાર મૂકવામાં આવ્યો છે. અને મૂળ હકોમાં છાપાની, સભાની, મંડળ રચવાની વગેરે પ્રાથમિક સ્વતંત્રતાઓ અપાઈ છે. આથી કરીને દરેક નાગરિકને રાજકીય ન્યાય મળ્યો છે. પણ એટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બસ નથી. તે ન્યાયને સાચો સંગીન બનાવવો હોય, તો આર્થિક ન્યાય પણ ફેલાવવો ઘટે. કોઈ કોઈનો ગેરલાભ ન લઈ શકે, એવું થવું જોઈએ. ઉપરની કલમ આ કહે છે, અને સરકારોને આદેશ આપે છે કે, દરેક કાયદો કરવામાં આ સિદ્ધાંત યાદ રાખવો જોઈએ.

૧૩

ગ્રામપંચાયત : સ્વરાજનો પાયો

ભારતની બધી સરકારોને બંધારણે જે આદેશો આપ્યા છે, તેમાં બીજો આદેશ ગ્રામપંચાયતો રચવાનો છે. આપણો ઇતિહાસ જોતાં જણાય છે કે, અંગ્રેજી રાજ્ય આપણા દેશમાં સ્થપાયું તે પહેલાં ગ્રામપંચાયતની સંસ્થા આપણા દેશમાં જીવતીજાગતી હતી. તેનું લેખી બંધારણ ભલે નહોતું; પરંતુ તેના કરતાં વધારે મજબૂત એવી રીતે તેની પરંપરા પરાપૂર્વથી ચાલી આવી હતી.

પંચાયત-વ્યવસ્થા મારફત ગામ એક નાનકડા રાજ્ય જેવું બની રહેતું, અને તે મારફત ગ્રામ-સ્વરાજ ભોગવતું. દિલ્હીમાં કે ગમે તે રાજધાનીમાં રાજદ્વારી ઊથલપાથલો થાય, છતાં ગામડાંની વસ્તીને તે ઊથલપાથલોથી ઝાઝી કશી તકલીફ કે હાડમારી ભોગવવી પડતી નહિ. આખું ગામ એક બહોળા કુટુંબ પેઠે રહેતું. નાનામોટા કજિયા, સ્વરક્ષા, બાળકોની પ્રાથમિક કેળવણી, પ્રૌઢો માટે કથાવાર્તા, ગરીબગુરબાંની સંભાળ, ગામના અતિથિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે સાધુસંતોની સેવાચાકરી — વગેરે અનેક નાની મોટી સેવાઓ, ગામના લોકો મળીને, પોતાના પંચ મારફત કરી લેતા. આ પ્રથા આપણી લોકશાહીનો પાયો હતો. એથી કેળવાઈને આપણી પ્રજા સ્વતંત્રતાનો સ્વાદ માણતી હતી.

અંગ્રેજ સરકારને આ પ્રથા રુચે એવી નહોતી. તેને પરદેશ પર રાજ્ય કરવાનું રહ્યું. તે આવી વ્યવસ્થાને પોષે તો કેમ નભે? એટલે તેણે પોતાની જરૂર પ્રમાણે વિચારીને નવી પ્રથા શરૂ કરી. પરિણામે, પંચાયતની પ્રથા ધીમે ધીમે મંદ પડી ગઈ. અંગ્રેજ રાજ્યે કજિયાઓ માટે અદાલતો કાઢી અને તે દ્વારા ન્યાય મેળવવા માટે એક લાંબી પ્રક્રિયા ગોઠવી. તેમાંથી કજિયા-દલાલો, વકીલો, અને જાત જાતની નવી પંચાતો જાગી. ગ્રામપંચાયત કશા લેખામાં રહી નહિ. તેના કરતાં તલાટી મોટો થયો અને ગામનો મુખી સરકારી રાજ્યનો હાથો બન્યો અને તે સરકાર તરફથી નિમાવા લાગ્યો. પરિણામે, આપણાં ગામડાંમાં આજે કજિયો, કલહ, ઝેરવેર ઇ૦ રોગો ફેલાયા છે. હવે પાછી ગ્રામપંચાયત રચાય ને કામ કરવા લાગે, તો તેમાં પણ આ રોગો ફૂટી નીકળે, એ શરૂમાં બને. કેટલાક આથી ત્રાસીને ગ્રામપંચાયત સામે થાય છે ને કહે છે કે, એ તો જોઈએ નહિ. અને એવી ભૂલ શરૂમાં વડી સરકારના કાયદા-પ્રધાને કરી હતી. પણ બંધારણ-સભાએ એ ભૂલ દૂર કરી અને નીચેનો આદેશ આપવાનું ઠરાવ્યું છે —

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલમ ૪૦ : "ગ્રામપંચાયતો રચવા માટે રાજ્ય પગલાં ભરશે, અને તેઓ સ્વરાજના એકમો તરીકે કામ કરી શકે તેને માટે જરૂરી સત્તાઓ અને હકૂમત તેને આપશે."

સાચું સ્વરાજ સ્થાપવું હોય તો આ કલમ પ્રમાણે સરકારોએ વર્તવું જોઈએ અને લોકોએ વચગાળામાં પોતામાં પેસી ગયેલા સડાને કાઢી નાખી પાછા ગ્રામ-સ્વરાજનું સુખ માણવું જોઈએ.

સ્વરાજનો પાયો ગ્રામપંચાયત એટલે કે, સ્થાનિક સ્વરાજની બધા પ્રકારની સંસ્થાઓ છે. તેમાં સુધરાઈ, લોકલ બોર્ડ, સ્કૂલ બોર્ડ, તથા ગામેગામ રચવાની ગ્રામ-પંચાયત — એ બધી જાતની સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ બધી સંસ્થાઓ મારફતે સ્થાનિક જનતાની ભાત ભાતની નાની મોટી સેવાઓ થાય છે. તે કરવા માટે સૌએ સાથે મળીને કામ કરવાનું રહે છે. સૌની સુખાકારી અને પ્રગતિ થાય એ જોવું જોઈએ; પછાત નબળા ગણાતા વર્ગો તરફ ખાસ ધ્યાન રાખવું ઘટે છે. આમ કામ કરવાની તાલીમ પ્રજાને આ સંસ્થાઓ મારફત મળે છે. તેમાંથી પ્રજાના સેવકો ઘડાય છે, આગળનાં મોટાં વ્યાપક કામો કરવાના પૂર્વપાઠ તેમને અહીં મળે છે. સર્વોદયનો સાચો અર્થ પણ અહીં ચોખ્ખો જણાય છે. સ્થાનિક રાગદ્વેષો બહુ હોય છે એ ખરું; પણ ત્યારે તેમને જીતીને કામ કરવાનું પણ અહીં શીખી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

કામધંધાનો અને શિક્ષણનો હક

લોકશાહી રાજ્યપદ્ધતિ સ્થાનિક સંસ્થાઓ ને ગ્રામ-પંચાયતને પોતાના પાયાની વસ્તુ ગણે છે. તેની ઉપર સરકારે અને તેના નોકરોએ વિશ્વાસ રાખીને રાજવહીવટ ચલાવવો ઘટે છે. પરંતુ પ્રજાના અવિશ્વાસ પર કેળવાયેલી નોકરશાહી હજી પ્રજા પર અમલ કરી ખાવાની તેની ઓ ઝટ ભૂલે નહીં. આથી કરીને બંધારણે સરકારોને આપવાના આદેશમાં ગ્રામપંચાયતની રચનાને એક મોટી વાત ગણીને મૂકી છે.

બીજો આદેશ તેના કરતાંય મોટો ગણાય. તે પ્રજાના દરેક જણના મૂળહક જેવો છે. દુઃખ એટલું જ છે કે, તેને આજે તે તરીકે ગણીને ચાલી શકાય એમ નથી.

એ બીજો આદેશ કલમ ૪૧મી માં આપ્યો છે, તે આ પ્રમાણે છે :

> "દરેકને કામ મેળવવાનો, શિક્ષણનો, અને બેકારી, ઘડપણ, માંદગી અને અપંગતા, તથા તેમના જેવી બીજી લાચારીના પ્રસંગોમાં જાહેર મદદ માટેનો જે હક છે, તે બાબતમાં રાજ્ય, પોતાની આર્થિક શક્તિ અને વિકાસની મર્યાદામાં રહીને, બરોબર જોગવાઈ કરશે."

આ આદેશમાં જે બાબતનો સ્વીકાર થયો છે, તે મહત્ત્વની છે. તેમાં નીચેની વસ્તુઓ દરેક નાગરિકે પ્રાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાના હક તરીકે માનવામાં આવી છે:

૧. કામ મેળવવાનો હક;

૨. શિક્ષણ મેળવવાનો હક;

૩. બેકારી, માંદગી, ઘડપણ, અપંગતા, તથા તેવી જાતની લાચારીને પ્રસંગે જાહેર મદદ મેળવવાનો હક.

અને તે હકો પ્રજા ભોગવી શકે તેને સારુ બરોબર કામ દે એવી જોગવાઈ સરકારે કરવી જોઈએ, એવું ફરમાન સરકારોને અપાયું છે.

આ હકો આજના જમાનામાં નાગરિકના હક તરીકે ગણાય છે. રાજ્યોએ એ અંગે બનતું બધું કરવું, એ તેનો ધર્મ ગણાય છે. બંધારણની સદરહુ કલમમાં રાજ્યને આ ધર્મનો આદેશ આપવામાં આવ્યો છે. જોકે તેમાં મર્યાદાની વાત કરી છે કે, રાજ્યે પોતાની આર્થિક સ્થિતિ તથા વિકાસની શક્તિ જોઈને આ જવાબદારી માથે લેવાની હશે. એ મર્યાદા સમજાય એવી છે. પણ એનો અર્થ એ નથી થતો કે, આ વિષે સરકારો કાંઈ ન કરે. તેમની નીતિ આ આદેશથી અંકાઈ ગઈ છે; તેમાં તેઓ ઘાલમેલ ન કરી શકે. માત્ર ફેર એટલો છે કે, તે અદાલતી હક નથી, તેથી મૂળહકો પેઠે નાગરિક તે અંગે દાવો ફરિયાદ કરી દાદ ન મેળવી શકે.

આ આદેશની પાછળ મૂળ ભાવ જે રહેલો છે તે પણ ધ્યાનમાં લેવા જેવો છે. તેની પાછળ એવી માન્યતા

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેલી છે કે, દરેક નાગરિકને પોતાનો વિકાસ કરવાનો અબાધિત હક રહેલો છે; અને તે માટે તેને શિક્ષણનો હક રહેલો છે.

બીજું, દરેક નાગરિકને માનવજીવનને ઉચિત સારી રીતે રહેવાનો હક છે. એનો અર્થ સમાજની અર્થવ્યવસ્થા એવી હોવી જોઈએ કે, તેને રોટલો રળવા માટે કામ મળે, તેમાંથી તેને પૂરતું મળતર થઈ રહે. આ હકને 'કામનો હક' કહેવાય છે. તે ભોગવી શકાય એવી જોગવાઈ કે અર્થવ્યવસ્થા ને તેનું તંત્ર રચવું એ રાજ્યનો ને સમાજનો ધર્મ છે.

એમાંથી એવી જવાબદારી ઊભી થાય છે કે, જો માણસને માથે બેકારી આવે, તો રાજ્યે ને સમાજે તેને મદદ કરવી જોઈએ.

ઉપરાંત કામના હકમાં કુદરતી કે બીજાં કારણોએ લાચારી આવી જાય તોય મદદ મળવી જોઈએ. આવાં કારણોમાં માંદગી, ઘડપણ, અપંગતા, અકસ્માત વગેરે આવે. તે સામે પણ અર્થતંત્રમાં ઘટતી જોગવાઈઓ હોવી જોઈએ.

આપણા દેશમાં બેકારી તો મોટો સામાજિક ને આર્થિક રોગ થઈ પડી છે. રોગ અને અભણતાનો પાર નથી. તેવા સંજોગોમાં ઉપરનો આદેશ રાજ્ય તથા સમાજને માટે મોટી કાર્યદિશા બતાવે છે. તે તરફ રાજ્યોએ ઝપાટાબંધ પ્રગતિ કરવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૫

સ્વરાજ એટલે રાષ્ટ્રકુટુંબભાવ

વ્યવસ્થિત રાજ્યતંત્રમાં તેની પ્રજા એક કુટુંબ જેવી હોય. જેમ ઘરમાં નાનાં મોટાં, માંદાં સાજાં,— સૌ સમાઈ જઈને સુખે રહે છે, તેમ જ રાષ્ટ્રકુટુંબમાં પણ હોવું જોઈએ. તેથી આપણે જોયું કે, બેકારી, માંદગી, ઘડપણ, અપંગતા ઇ૦ જેવી લાચારીની દશામાં સપડાયેલાને સંભાળવા જોઇએ, એવી આજ્ઞા બંધારણે કરી છે.

આ બધાનો પાયો એ છે કે, આખી પ્રજા વ્યવસ્થિત કામ કરે, સંપત્તિ પેદા કરે. તેને સારુ બરોબર કેળવાતી રહે. તેથી શિક્ષણનો પણ હક માનીએ છીએ, અને તેથી સરકાર તે મફત આપવાની ફરજ માને છે.

તે શિક્ષણ રેઢિયાળ કે નકામું નહીં, પણ ઉપર કલ્પેલો સમાજ રચવાને માટે ઘટે એવું સારું અને સાર્થક હોવું જોઈએ. ગાંધીજીએ આવા શિક્ષણને જ 'પાયાની કેળવણી' એવું નામ આપ્યું હતું. અને તેને જીવનનાં જરૂરી અને ઉપયોગી કામકાજ તથા ઉત્પાદક શ્રમ કે ઉદ્યોગ મારફત અને એના વાતાવરણમાં ગોઠવવું અને ચલાવવું જોઈએ, એવી તેની પદ્ધતિ સૂચવી હતી.

અને એમણે એમ પણ દાવો કરેલો કે, આવું શિક્ષણ જો રાષ્ટ્રની પાયાની તાલીમ બને, તો તેમાં કોઈ બેકાર નહીં રહે; સૌ સ્વમાનની રોટી રળી શકશે; તેને માટે જોઈએ એવી આર્થિક અને સામાજિક વ્યવસ્થા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી થશે. તેથી જ બંધારણે દરેક નાગરિકને શિક્ષણ અને કામ મેળવવાનો હક બક્ષ્યો છે.

આ કામ અને આ શિક્ષણ કેવાં હોય તેનો અર્થ આ તેમના હેતુ પરથી સમજવો જોઈએ. અને તે સરે એમ એ બંનેની જોગવાઈ સરકારે કરવી જોઈએ.

આ દૃષ્ટિએ વિચારીને બંધારણે આગળ બે કલમો કહી છે. તેમાં શિક્ષણ કેવું આપવું — તે પાયાની કેળવણીની પદ્ધતિનું હોવું જોઈએ, એ ચોકસ શબ્દોમાં નથી કહ્યું. પરંતુ કામના હકની બાબતમાં અમુક સારી ચોખવટ કરી છે. હવે તે જોઈએ.

૧૬

લોકકલ્યાણ માટે સ્વરાજ

સુવ્યવસ્થિત અને સ્વતંત્ર દેશના નાગરિકને કામ ન મળે એમાં એનું નસીબ કે ઈશ્વર વાંકો છે એમ નહીં, પરંતુ ઈશ્વરે આપેલી બક્ષિસોનો અવળો ને ખોટો ઉપયોગ કરવાથી માનવજગત એવી અવદશા ઊભી કરે છે, એમ જ કહેવાય. તેથી રાજ્યનો અથવા સ્વરાજસરકારોનો ધર્મ છે કે, દરેકને જોઈતું કામ મળી રહે એવી અર્થવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા તેમણે કરવી જોઈએ.

અને ગમે તેવું કામ મળે એ પણ ન ચાલે. જેમ કે, આપણાં કેટલાંય કસબાનાં ગામોમાં મ્યુનિસિપાલિટીના ભંગી-ભાઈઓને જેવી અવદશામાં કામ કરવું પડે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કોઈ રીતે નભી ન શકે એવી વાત છે. માણસને માણસ તરીકે, સ્વચ્છતા અને સુઘડતાથી તથા સ્વમાનભેર કામ કરવાની જોગવાઈ મળવી જોઈએ.

ઉપરાંત, પૂરો દિવસ કામ કરનારને પેટ પૂરતું બરોબર મળી રહેવું જોઈએ. તથા સ્ત્રીઓ કામ કરનારી હોય તો તેમને સુવાવડ ઇ૦ માટે રાહતની જોગવાઈ હોવી જોઈએ. એટલે કે, ચડતે પગારે તેમને એ મળવી જોઈએ.

આથી કરીને બંધારણની કલમ ૪૨, ૪૩ માં કહેવામાં આવ્યું છે કે,

"૪૨. કામ કરવાની ન્યાયી અને માનવતાભરેલી સવડો મળે તેને માટે તથા સુવાવડની રાહતને માટે રાજ્ય જોગવાઇ કરશે"

"૪૩. ખેતીમાં, ઉદ્યોગધંધામાં કે બીજા કામ કરતા બધા કામદારોને કામ મળે, જીવન માટે પૂરતું મહેનતાણું મળે, અને કામકાજ કરવા માટે એવી સવડભરી પરિસ્થિતિ મળે કે જેથી સારું જીવનધોરણ સચવાય અને નવરાશનો તથા સામાજિક ને સાંસ્કૃતિક વિકાસની તકોનો પૂરો ઉપભોગ કરવાની સવડ મળે, એ ઉદ્દેશ પાર પાડવાને માટે, ઘટતા કાયદા કરીને કે ઘટતું અર્થતંત્ર રચીને કે બીજી હર કોઈ રીતે રાજ્ય પ્રયત્ન કરશે. અને ખાસ કરીને, ગ્રામવિસ્તારોમાં છૂટક કે સહકારી પાયા ઉપર ગૃહઉદ્યોગો ખીલે, તેમ કરવા પ્રયત્ન કરશે."

બંધારણની આ કલમોની બાબતો એવી છે કે તેમનો તરત અમલ ન થઈ શકે. ધીમે ધીમે કામ લેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડીએ તો તે સંધાવા લાગે. છતાં સ્વરાજસરકારની રાજ્યનીતિ એમાં અંકાઈ ચૂકી છે. અને તે હવે એ રસ્તે વળવી જોઈએ, એ મોટી વાત છે. હિંદમાં સ્વરાજ થશે તે લોકકલ્યાણ અર્થે હશે — તે સૌના ભલા માટે સર્વોદયનું કામ કરશે, એવી ખાતરી બંધારણના આ આદેશોમાં આપવામાં આવી છે.

૧૭

ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગ

અગાઉ આપણે જોયું કે, હિંદમાં બેકારી હોવી, કે ઓછા મળતરવાળું રેઢિયાળ કામ મળવું, કે વેઠ, કે અપમાનયુક્ત કામ,—આ વસ્તુ બંધારણે હરામ ગણી છે. અને એ દૂર કરવાની ભારે જવાબદારી સરકાર કે રાજ્ય ઉપર મૂકી છે. આનો અર્થ એ છે કે, દરેક નાગરિક એ ઉપરથી એમ સમજે કે, આપણે કામ કરવાનું છે; બેઠાડુ જીવન હરામ છે એટલું જ નહીં, પ્રજાનો એ આર્થિક દ્રોહ છે. અને બીજી બાજુએ રાજ્ય એમ સમજે કે, દરેક જણને માનભર્યું અને પૂરતા વળતરવાળું કામ મળી રહે, એ તેણે જોવાનું છે. એટલે કે, રાજ્ય તેની આર્થિક તથા ઔદ્યોગિક વ્યવસ્થા આ ફરજ સંભાળી શકાય એવી ગોઠવશે.

આમ કરવું હોય તો સરકારે એક વસ્તુ ખાસ સંભાળવી ઘટે છે. ગયા પ્રકરણમાં કલમ ૪૩માં બંધારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાસ ભાર મૂકીને કહ્યું છે કે, ઉપરની વાત જો સાધવી હોય, તો ગૃહોદ્યોગ અને ગ્રામોદ્યોગનો ફેલાવો હિંદનાં ગામડાંમાં થાય, એ ખાસ જોવું જોઈએ.

આ આજ્ઞામાં ભારે રહસ્ય રહેલું છે. ગાંધીજીએ ખાદી જેવા ગૃહોદ્યોગો તથા જીવનની બીજી રોજની



જરૂરિયાતો પૂરી પાડતા અનેક ગ્રામોદ્યોગો આપણને ખાસ પ્રયત્ન કરીને શીખવ્યા હતા, તેમાં આ જ પ્રયોજન હતું. આપણી વસ્તી બહોળી મોટી રહી; અને મોટે ભાગે તે ગામડાંમાં રહે. તેમને જો કામ આપવું હોય, તો બીજો રસ્તો નથી.

બંધારણે ગાંધીજીના આ રાષ્ટ્રીય કાર્યક્રમનો સ્વીકાર ઉપર જણાવ્યા પ્રમાણે કલમ ૪૩માં કર્યો છે. હિંદની સરકારો એ તરફ લક્ષ આપે તો આપણા દેશનાં ઘણાં દુઃખો દૂર કરવાને માર્ગે પ્રજા વળી જાય. કેમ કે, આ કરવાને માટે હિંદની પ્રજાને તૈયાર કરવા જોઈતી કેળવણીની વ્યવસ્થા રચવી પડે, તથા તે માટે રાજ્યનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાં અનેક ખાતાંને ગોઠવવાં પડે—આ બધું સમાજના અને સરકારના ચાલતા આવેલા માળખામાં ને વિચારણામાં ખરેખરી મોટી ક્રાંતિ વગર બને એવું નથી. એથી લોકોની અને સરકારી માણસોની બંનેની એમાં નવી જ દિશામાં કેળવણી રહેલી છે. મનુષ્યોનાં મન અને વિચારમાં પલટો આણે એવું કોઈ કામ હોય તો તે આ છે. ઉદ્યોગ અને શિક્ષણ બંને આમાં ઓતપ્રોત રહેલાં છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કામધંધાનો અને શિક્ષણનો હક ખરેખર જો પ્રજામાં મૂર્તિમંત કરવો હોય, તો ખાદી અને ગ્રામોદ્યોગ અને તે દ્વારા સાર્વત્રિક શિક્ષણના સૂર્યની આસપાસ હિંદના વિકાસનાં બધાં કામો ગોઠવવાં જોઈએ. તો સૌનું રાજ્ય સ્થપાશે. અને તેમાં સૌને સમાનતા હશે.

૧૮

એકસરખો મુલકી કાયદો

આજે આખા દેશના બધા લોકો માટે ફોજદારી કાયદો એકસરખો છે. ગુનો કરનાર માણસ અમુક કોમનો, ધર્મનો કે નાતજાતનો છે, તેથી તેને માટે કાયદો ફરતો નથી. પરંતુ વારસાહક, લગ્નવ્યવસ્થા, ઇ૦ બાબતોમાં એમ નથી. હિંદુઓ માટે એક કાયદો; મુસલમાનો માટે બીજો; પારસી, ખ્રિસ્તી વગેરે માટે વળી જુદો. મતલબ કે, મુલકી બાબતોમાં કાયદો કોમ- કે ધર્મ- વાર ફરે છે. અને હિંદુઓમાં પણ નાતજાતવાર જુદા જુદા રંગ પડે છે.

આ વસ્તુ સામે સુધારકોએ વરસોથી ટીકા કરી છે. મુલકી કાયદો જુદો જુદો હોવાથી એક રાષ્ટ્રના બધા પ્રજાજનો સરખી સમાજવ્યવસ્થામાં નથી આવતા. એટલે ધર્મ કે કોમ પરત્વે જુદાઈનો ભાવ બન્યો રહે છે. કાયદાની નજરમાં સૌ સરખા હોવા જોઈએ, એમાં ફરક થાય છે. તેથી કરીને એક રાષ્ટ્રમાં અનેક સમાજ પડે છે; અને ધર્મની બીનાને વધારેપડતી મહત્તા મળવાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યવ્યવસ્થા પણ જોઈએ તેવી સરળ નથી રહેતી.

તેથી કરીને બંધારણ ભારતની સરકારોને એવો આદેશ આપે છે કે (કલમ ૪૪ મી) —

"ભારતના આખા રાજ્યવિસ્તારમાં નાગરિકોને એકસરખો મુલકી કાયદો મળે, એમ કરવા રાજ્ય પ્રયત્ન કરશે."

આપણા સમાજને માટે આ એક મોટો ફેરફાર થશે. એ થાય ત્યારે કોમ અને ધર્મને વિષેની વધારેપડતી મમતા કે ઝનૂન મટી જશે, અને બધા એક રાષ્ટ્રના નાગરિક છીએ, એવી ભાવના જામતી થશે.

૧૯

ફરજિયાત પ્રાથમિક શિક્ષણ

ભારતનું બંધારણ તેની કલમ ૪૫ મીમાં દેશની બધી સરકારોને નીચે પ્રમાણે આદેશ આપે છે:

"આ બંધારણનો અમલ શરૂ થવા તારીખથી ૧૦ વર્ષની અંદર, રાજ્યો બધાં બાળકો ૧૪ વર્ષની ઉંમર પૂરી કરે ત્યાં સુધી, તેમને મફત અને ફરજિયાત શિક્ષણ મળે, એવી જોગવાઈ કરવાનો પ્રયત્ન કરશે."

આજે આપણે ત્યાં દર સો માણસે ૮૦–૯૦ માણસને લખતાં વાંચતાં જ આવડતું નથી. તેથી કરીને જ્ઞાન મેળવવાનું મોટું એક સાધન, તેનો જ તેઓ ઉપયોગ નથી કરી શકતા. દેશમાં ને દુનિયામાં શું રોજ રોજ બને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે તેની પણ તેમને સહેજે ખબર ન પડી શકે; કેમ કે તે છાપું ન વાંચી શકે, સારી ચોપડી પણ ન વાંચી શકે.

આ સ્થિતિ ભારે દુઃખદ ગણાય. દેશમાં હવે સ્વરાજ આવ્યું, ત્યાર પછી પણ જો લોકો આવા અભણ રહે, તો સ્વરાજ પણ માણી કે ખીલવી ન શકાય. કેમ કે સ્વરાજ એટલે પ્રજાનું રાજ્ય; પ્રજા જેવી હોય તેવું રાજ્ય બને. તેથી પ્રજાની ઉન્નતિ અને વિકાસ સાધવો એ સરકારો માટે ફરજ બને છે.

આમ કરવાના વિવિધ માર્ગોમાં મફત ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવી, એ એક મોટો માર્ગ છે. આજે તો લાખો ગામડાં નિશાળ વિનાનાં છે; તો પછી વાંચનાલય પુસ્તકાલયની તો વાત જ ક્યાં રહી! તે દશામાંથી રાજ્યે નીકળી જવું જોઈએ. બંધારણે તેને માટે ૧૦ વરસની અવધિ આંકી છે. દેશનું દરેક બાળક ૭મા વરસથી ૧૪ વરસનું થાય ત્યાં સુધી શિક્ષણ લઈ શકે, એવી જોગવાઈ કરવી જોઈએ.

આજે તો હજી છોકરો ૧૦–૧૧ વરસ સુધીનો થાય તેટલી જ ગોઠવણ હાથ ઉપર છે. એમાં પણ કરોડો રૂપિયા ખરચ થાય છે. આ ખર્ચ પણ પૂરો મજરે નથી મળતો, કેમ કે શિક્ષણ પૂરતું જોઈએ તેવું સારું નથી. તેથી ગાંધીજીએ ઉદ્યોગ અને કામકાજ મારફતે જીવનની તાલીમ આપવી અને એ સાચું શિક્ષણ છે, એમ બતાવ્યું. આ કામ ભારે મોટું છે. તે જો સધાય તો દેશની કાયા પલટી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

પછાત વર્ગોની રક્ષા

આપણા દેશમાં બે કે ત્રણ કામ ખાસ કરવાનાં આવ્યાં છે. તે આપણા દેશના સામાજિક તથા રાજકીય ઇતિહાસમાંથી નીપજ્યાં છે. તેમને જો ઉવેખવામાં આવે, તો પ્રજાનું સામાજિક ને રાજકીય ઘડતર છિન્નભિન્ન થઈ જાય. આ કામો નીચેનાં છે:

૧. અસ્પૃશ્યતાનું નિવારણ;

૨. પછાત ગણાતી નાતજાત અને વર્ગોનો ઉદ્ધાર;

૩. રાની કે આદિવાસી કહેવાતી પરજોનો ઉદ્ધાર.

આમાંનું પહેલું કામ કેવળ સામાજિક જ નહીં, ધાર્મિક અને આધ્યાત્મિક પણ છે. એવું તેનું મહત્ત્વ જોઈને, ભારતના બંધારણે અસ્પૃશ્યતાને ગુનો ગણ્યો છે. તેને કેવળ આદેશ આપી દઈ પ્રયત્ન કરતા રહેવાની વાત નથી ગણી, પણ તેનો ત્યાગ બંધારણે મૂળહકોમાં ગણાવ્યો છે.

બાકીનાં બે કામો માટે બંધારણે નીચે પ્રમાણે આદેશ આપ્યો છે:

"૪૬. પ્રજાના નબળા વર્ગો,— ખાસ કરીને યાદી કરીને નિયત કરવામાં આવેલી નાતજાતો તથા જાતિઓનાં હિતની રક્ષા રાજ્ય ખાસ કાળજી લઈને રાખશે; તે તેમને સામાજિક અન્યાય તથા બધી જાતના શોષણમાંથી બચાવશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાના નબળા વર્ગ તરફ રાજ્યે પહેલું ધ્યાન આપવું જોઈએ. સર્વોદયનો અર્થ જ એ થાય છે. જેઓ એવા સબળા છે કે પોતે પોતાનું જોઈ લઈ શકે, તેમના તરફ રાજ્ય દ્વ્યા કે વ્વ્યા કરે એનો શો અર્થ? પ્રજાકીય રાજ્ય તો નબળા તરફ ખાસ ધ્યાન આપે; એટલે સૌની સંભાળ એની મેળે થઈ રહે. ઉપરની કલમમાં સરકારોને આવો આદેશ અપાયો છે.

આમ નબળાનો પક્ષ રાજ્ય લે, એ પક્ષપાત ન કહેવાય; એ તો રાજ્યની ફરજ છે.

કૉંગ્રેસને ગાંધીજીએ જે રચનાત્મક કાર્યક્રમ બતાવ્યો હતો, તેમાં પણ આ વસ્તુ મુખ્ય હતી. કાવ્યની ભાષામાં તેને દરિદ્રનારાયણની સેવા કહેતા; તેનો વહીવટી કે વહેવારુ અર્થ સરકારોને માટે શો થાય, તે બંધારણે ૪૬મી કલમમાં કરી આપ્યો છે.

૨૧

મદ્યનિષેધ

આપણા રાષ્ટ્રીય બંધારણની ૪૭મી કલમ મદ્યનિષેધ વિષે છે. અને તે વિષયને પ્રજાના પોષણ અને જીવનના ધોરણની સાથે વણીને મૂકવામાં આવ્યો છે. એટલે કે, પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવા માટે તથા તેના આહાર અને પોષણનું જે ધોરણ છે તે પણ સુધારવાને માટે, એક ખાસ કરવા જેવી બાબત મદ્યનિષેધ છે. વળી, મદ્યનિષેધ પોતે પોતાની મેળે પણ સારી વસ્તુ છે, એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવામાં આવ્યું છે. આ વસ્તુ તે કલમમાં નીચે પ્રમાણે કહી છે:

"લોકોના આહારનું તથા જીવનનું ધોરણ ઊંચું લાવવું અને જનસુખાકારી સુધારવી, એને રાજ્ય પોતાની એક પ્રાથમિક ફરજ ગણશે; તેમાં ખાસ કરીને, તબિયતને નુકસાન કરે એવાં માદક પીણાં અને પદાર્થોના વાપરની — દવા સિવાય — બંધી કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે."

આ કલમમાં ત્રણ બાબતની ફરજ તરફ સરકારોનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે:

૧. લોકોના આહારનું ધોરણ;

૨. સામાન્ય જીવનધોરણ; અને

૩. સામાન્ય આરોગ્ય અને સુખાકારી.

અને તે ત્રણે સાથે સંબંધ ધરાવતી ને તેમને માટે ઘાતક એવી એક કુટેવનો નિષેધ કરીને ચોથી બાબત ઉમેરી છે કે,

૪. મદ્યનિષેધ સરકારોની ફરજ છે અને તે અદા કરવાને માટે તેમણે પ્રયત્ન કરવો જોઈશે.

આપણા દેશમાં અપાર ભૂખમરો અને બેકારી સેંકડો વરસોથી ચાલે છે. અંગ્રેજ સરકારે એ વિષે ઝાઝી જવાબદારી માની ન હતી. લોકો એમના આ દુઃખને નસીબનું કે દૈવનું દીધેલું માનીને ચાલવા લાગી ગયા હતા. આ દશા ભયંકર કહેવાય. આથી કરીને ભારતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યબંધારણમાં આ ભૂખમરાનો ઉકેલ કાઢવાનો આદેશ ઉપયોગી અને જરૂરી છે.

અને જ્યાં બેકારી અને ભૂખમરો હોય, ત્યાં ગરીબાઈ હોય જ, એ તો ઉઘાડું છે. એવા દેશમાં પછી જીવનના ધોરણનો કશો ધડો જ હોય ખરો? તેથી ખાવા-પીવાના, ઓઢવા પહેરવાના, અને રહેવા માટે સાદામાં સાદા અને સુઘડ મકાનના પણ જે દેશના અનેક લોકોને સાંસા હોય, તે દેશમાં જીવનધોરણ ઊંચું લાવવા માટે વિશેષ ધ્યાન આપીને પ્રયત્ન કરવો જોઈએ. આ વિષે પણ અંગ્રેજ સરકાર ભાગ્યે ધ્યાન આપતી. હવે સ્વરાજ આવ્યું છે ત્યારે આમપ્રજાના જીવનધોરણ તરફ સરકારે ખ્યાલ દેવો જોઈએ. આપણા દેશની માથા દીઠ સરેરાશ આવકનો આંકડો વધવો જોઈએ. સરકારે પાંચ પાંચ કે દસ દસ વરસે આ આંકડો જોતા રહેવું જોઈએ.

તેવું જ ત્રીજી પીડા રોગ અને તેની આગળ લાચારીની દશાનું છે. રોગો વિષે અજ્ઞાન અને વહેમ, દવાદારૂની વ્યવસ્થાનો અભાવ, સામાન્ય સુખાકારી માટે જરૂરી સવડોનો અને જાહેર સ્વચ્છતાનો અભાવ — આ બધી બાબતો તરફ પણ પરદેશી સરકાર જોઈતું ધ્યાન અને મહત્ત્વ આપતી નહોતી. હવે અપાવું જોઈએ, એમ આ કલમ કહે છે.

મદ્યનિષેધની બીના આપણા દેશનો એક ખાસ પ્રયોગ છે. આપણા લોકો દારૂ અને નશાને ધર્મથી પાપ ગણે છે; સમાજદૃષ્ટિએ તેને શરમ અને દુર્ગુણ માને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને તેથી પ્રજાના જૂજ ટકા જ તેમાં સપડાયા છે. તેઓ પણ એને ખરાબ વ્યસન માને છે. અંગ્રેજી રાજ્યમાં આમાં કાંઈક ફરક થયો. અંગ્રેજ પ્રજા દારૂને સમાજમાં હીન નથી માનતી; તેનો નિષેધ તેને ખપતો નથી. આ માન્યતાને લઈને દારૂની લત તે રાજ્યકાળમાં વધી; સુધરેલા લોક તેમાં પડવા લાગ્યા.

હવે, ગોરી પ્રજાઓ પણ દારૂથી થતાં નુકસાન તપાસવા લાગી છે. તેમણે તે વ્યસનને તબિયત માટે ખરાબ ગણ્યું છે. ઉપરાંત સમાજમાં ગુના થાય તેમાં પણ એનો સંબંધ છે. અનેક એવાં એવાં કારણોથી જગતમાં ઘણા લોકો માનવા લાગ્યા છે કે, મદ્યનિષેધ સારી ને જરૂરી વાત છે.

આપણા લોકો દારૂને ધર્મથી ત્યાજ્ય માને છે અને તે પીવો એમાં શરમ સમજે છે. તેથી પીનારાની સંખ્યા પ્રમાણમાં ખૂબ જ ઓછી રહી છે. છતાં તેઓ વરસે જે ખરચ કરે છે, તે અબજો રૂપિયાનો થાય છે! ગરીબ, બેકાર, ભૂખે મરતી, રોગે સડતી પ્રજા આવો ખોટો ખર્ચ કરે તેનો અર્થ શો? એ ખર્ચ જ તેમને ગરીબ અને બેકાર અને જીવનધોરણ વગરના બનાવી દે છે; અને ઉપરાંતમાં મગજ બગાડે ને સગાંસંબંધીને દુઃખી કરી મૂકે, તે વધુમાં! આથી કરીને વરસોથી પ્રજાએ ઠરાવ કરેલો કે, સ્વરાજ આવે કે દારૂ વગેરેની બંધી તો તરત કરવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી આ કલમ સ્વરાજના બંધારણમાં મૂકી છે. તેમાં સરકારોને દારૂની આવકની ખોટ ખમીને પણ દારૂનિષેધ કરવાની ફરજ બતાવી છે. એટલે હવે પછી દારૂ વાટે પૈસો મેળવવાની બદદાનત આપણી કોઈ સરકાર રાખી ન શકે; દારૂ પોતે બનાવીને વેચવાનો ધંધો તે ન કરી શકે; ન કોઈને એ કરવા દઈ શકે. જેમ સોમલ વગેરે ઝેર દવા રૂપે જ વપરાય, તેમ જ દારૂ પણ વાપરી શકાય, એટલો અપવાદ રાખી શકાય.



દારૂનિષેધ સાધવાનો આ આદેશ આપણા બંધારણની વિશેષતા છે. એક પ્રયોગ તરીકે દુનિયામાં તે અજોડ ગણાય. આપણી સરકારો આ સિદ્ધ કરી બતાવે, તો બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાઓને માટે પણ એક પાઠ આપી શકે. બંધારણની આ કલમથી આપણા સ્વરાજની કિંમત બહારના લોકોની નજરમાં વધી છે. આ રીતે ૪૭મી કલમ ખૂબ કીમતી છે.

૨૨

ખેતી અને ગોપાલન

આપણો દેશ ખેતીપ્રધાન છે. તેની મોટા ભાગની વસ્તી ગામડાંમાં વસે છે. અને તેનો મુખ્ય રોજગાર ખેતી અને ઢોર-ઉછેર છે. ખરું જોતાં, દેશનો મોટામાં મોટો ઉદ્યોગ હોય તો ખેતી અને ઢોર-ઉછેર અથવા ગોપાલન છે. ખેતીમાંથી અનાજ, તેલી બી, ઇ૦ મળે છે. ઢોર-ઉછેરમાંથી દૂધ, બળદ, ચામડું ઇ૦ મળે છે. આ ઉદ્યોગને બરોબર પગભર કરવો અને સારી પાયરી પર મૂકવો, એ પહેલું કામ છે. પણ એ અઘરું પણ છે, છતાં તેની પાછળ લાગ્યા જ રહેવું જોઈએ. મદ્યનિષેધ વિષેની ૪૭મી કલમ પછી, બંધારણની ૪૮મી કલમ આ વિષે છે. તેમાં કહ્યું છે—

"ખેતી અને ઢોર-ઉછેર અર્વાચીન અને વિજ્ઞાની રસ્તે સંગઠિત કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે; અને ગાય, વાછડાં, તથા બીજાં દૂઝણાં તથા ભાર ખેંચનારાં ઢોરની ઓલાદોને સાચવવી અને સુધારવી તથા તેમની કતલ થતી બંધ કરવી એને માટે રાજ્ય ખાસ કરીને પ્રયત્ન કરશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ કલમમાં ત્રણ વસ્તુની દરકાર રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે:

૧. ખેતી–સુધાર;

૨. ઢોર-ઉછેર અને તેની ઓલાદસુધાર;

૩. ઢોરની કતલની બંધી.

આ કલમની ભાષા બહુ બહોળા અર્થવાળી છે. તેમાં શું શું આવે કે ન આવે, એ કહી ન શકાય. એનો અર્થ એ કે, આ કલમ ખેતી અને ઢોર-ઉછેર વિષે સામાન્ય નીતિ આંકી આપે છે. તે અંગે ક્યાં પગલાં કેમનાં લેવાં, એ સરકાર વખતોવખત વિચારશે. ખેતીમાં ટ્રૅક્ટર વગેરે યંત્રો વાપરવાં? વિલાયતી કે રાસાયણી ખાતરનો ઉપયોગ કરવો? મોટી લાટબંધ ખેતી કરાવવા માટે પગલાં લેવાં?—આવા આવા અનેક સવાલો અર્વાચીન અને વિજ્ઞાની ગણાતા રસ્તામાં આવે છે. આ બધું આપણી પરંપરાથી ચાલતી આવેલી ખેતીની પ્રણાલીમાં બંધ બેસે કે નહીં, બેસે તો કઈ ઢબે વગેરે જોવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાં ઢોરોની કતલની પણ વાત કરી છે. એનો અર્થ કોઈ ઢોરને મરાય જ નહીં, એવો કરવો? જેમ કે, કેટલાક લોકો આ કલમ ટાંકીને સદંતર ગોવધ બંધ કરવા સરકારને આગ્રહ કરે છે. કલમનો આ અર્થ હોય તો ગાય, બકરી, ભેંસ, બળદ, ઇ૦ મરાય જ નહીં. આપણે જાણીએ છીએ કે, બકરાં ઘેટાં ઇ૦ કપાય છે; અમુક ગાયો, બળદો, ભેંસો પણ કપાય છે.



ઢોર-ઉછેર વિદ્યાના જાણકારો કહે છે કે, આપણા દેશમાં નબળાં ઢોર કરોડો છે, જે ચારો વગેરે ખાય છે, પણ આપણને આર્થિક રીતે ભારે પડે છે. આ નબળાં ઢોરો પાછળ દેશના કરોડો રૂપિયા દર વરસે બરબાદ થાય છે. વળી દેશને જોઈએ તેટલું દૂધ મળતું નથી, કેમ કે ઢોર દૂધ બહુ ઓછું આપે છે. તેમની ઓલાદ સુધરે તો એમાં સુધારો થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કલમ સરકારોને ફરમાવે છે કે, તેમણે આપણાં ઢોર-ઉછેર તથા ખેતીને આબાદ કરવા માટે આ બધા પ્રશ્નોનો વિચાર કરી આગળ વધવું જોઈએ. એમાં લોકોને માટે પણ માર્ગદર્શન રહેલું છે. તેમણે પોતાના સહકારથી સરકાર પાસેથી આ કામો લેતા થવાનું છે.

૨૩

પ્રાચીન વસ્તુઓની રક્ષા

ભારતના રાજબંધારણના ૪થા ખંડમાં કલમ ૪૯માં કહ્યું છે કે,



"પાર્લમેન્ટ કાયદો કરીને જેને રાષ્ટ્રીય મહત્ત્વનું જાહેર કરે એવું દરેક સ્મારક કે સ્થાન અથવા કલાકીય કે ઐતિહાસિક રસની વસ્તુ — તેને બગાડવાં, કદરૂપાં કે વ્યંગ કરવાં, નાશ કરવાં, ખસેડવાં, વેચી કાઢવાં કે દેશમાંથી નિકાસ કરવાં — (જ્યાં જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગુ પડતું હોય તે મુજબ) — એમાંથી તેમનું રક્ષણ કરવું એ રાજ્યની ફરજ રહેશે."

આપણો દેશ બહુ પ્રાચીન છે. અનેક જાતની સમૃદ્ધિ તેમાં છે. આ સાચવવી જોઈએ. તે તરફ અંગ્રેજોએ ઠીક ધ્યાન આપ્યું હતું. સ્વરાજ સરકારે પણ એ ઉપયોગી કામ છોડવું ન જોઈએ. દેશમાં અનેક પ્રાચીન અવશેષો આજ પડેલા છે, તેમને સરકાર એક ખાસ ખાતા મારફત સાચવે છે. આ કલમ તે કામને આગળ ચલાવવા આદેશ આપે છે. આની રૂએ, જેમ કે, ગાંધીજીની રાજઘાટની સમાધિ એક રાષ્ટ્રીય સ્મારક તરીકે સરકાર સંભાળશે. દુનિયાની એક ઇમારત તાજમહેલને તે સાચવે છે. એવી એવી અનેક વિરલ સમૃદ્ધિ દેશમાં ઠેર ઠેર પડી છે, તેને સરકારે સાચવીને રાખવી જોઈએ, એમ આ કલમ ફરમાવે છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪

અલગ અદાલતી ખાતું

રાજ્યનીતિના આદેશોમાં પચાસમી કલમમાં નીચેની આજ્ઞા સરકારોને આપવામાં આવી છે:

"રાજ્યની નોકરીમાં મુલકી અને અદાલતી ખાતાં અલગ કરવા માટે રાજ્ય પગલાં લેશે."

આ આજ્ઞાની પાછળ લાંબો ઇતિહાસ છે. અંગ્રેજી રાજ્યમાં મુલકી અને અદાલતી ખાતાં અમુક અંશે ભેગાં રખાતાં હતાં. જેમ કે, જિલ્લાનો કલેક્ટર મહેસૂલ, પોલીસ, ઇ. ખાતાંનો વડો હોવા ઉપરાંત જિલ્લા મૅજિસ્ટ્રેટ પણ હતો. એટલે કે, તે જ પોલીસ અને તે જ ન્યાયાધીશ, એમ ચાલતું. આ સ્થિતિ સારી નથી. તેમાં શુદ્ધ ન્યાય મેળવવો અઘરો બને. ન્યાયનો મૂળ સિદ્ધાંત જ તેમાં સચવાતો નથી. આથી કરીને, કૉંગ્રેસ તેની શરૂઆતથી આની સામે લડતી આવી છે. વરસોવરસ તે સામે તે ઠરાવો કરતી. સ્વરાજ આવ્યું એટલે આ વસ્તુ આપોઆપ સુધરવી જોઈએ. પણ જૂનેથી ચાલી આવેલો વહીવટ ઝટ સુધારવા જતાં મુશ્કેલી નડે. તેને વશ થઈ સરકાર કદાચ આ જરૂરી સુધારો કરવામાં ઢીલાં ઢાળે તો? આથી કરીને બંધારણસભાએ તેને સ્વતઃસિદ્ધ રાજ્યનીતિના આદેશ તરીકે મૂકી છે. કેમ કે, જેમ દારૂમાં આવકનો લોભ ભ્રષ્ટ કરે, તેમ આ બાબતમાં સત્તાનો લોભ ભુલાવી શકે. તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાના લોકશાહી વિકાસ ઉપર કાપ આવે. ૫૦ મી કલમમાં આપેલો આદેશ આમ ન બને તે સામે ઢાલરૂપ છે.

૨૫

આંતરરાષ્ટ્રીય વ્યવહાર

ભારતના રાજ્યબંધારણમાં ૫૧મી કલમમાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે વહેવાર રાખવામાં આપણી ભારત-સરકાર કઈ નીતિ રાખીને વર્તે, એ બાબતમાં આજ્ઞા આપી છે.

તે આજ્ઞા નીચે પ્રમાણે છે—

"૫૧. રાજ્ય નીચેની બાબતોને માટે પ્રયત્ન કરશે—

(ક) આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને આગળ વધારવી;

(ખ) રાષ્ટ્રો વચ્ચે ન્યાયી અને સ્વમાનભર્યા સંબંધ રાખવા;

(ગ) સંગઠિત પ્રજાઓના આપસના વ્યવહારમાં આંતરરાષ્ટ્રીય કાયદાને માટે અને કરાયેલા કોલકરારોની જવાબદારીને સારુ આદરમાન પેદા કરવું;

(ઘ) લવાદીથી આંતરરાષ્ટ્રીય ઝઘડાઓની પતાવટને ઉત્તેજન આપવું."

આપણો દેશ સ્વતંત્ર નહોતો ત્યારે બીજા દેશો જોડે વ્યવહાર બાંધવા તોડવાનું બધું કામ પરદેશી સરકાર કરતી હતી. સ્વતંત્ર થવાની સાથે એ કામ આપોઆપ હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે માથે આવી ગયું. આ બહુ મોટી અને ગંભીર જવાબદારીનું કામ છે.

આપણા દેશને અડીને આવેલા દેશો આપણા પાડોશીઓ ગણાય. તેઓની જોડે સારો મીઠો સંબંધ હોય, તો આપણા દેશની સલામતી રાખવી સુગમ પડે; બે વચ્ચે લડાઈ ઝઘડો પડે નહીં; બલ્કે વેપારરોજગાર, લેવડદેવડ, બન્ને દેશના લોકોની છૂટથી અવરજવર, વગેરે નિરાંતે ચાલી શકે. પરિણામે બેઉ દેશ અરસપરસ સુખી થાય, સમૃદ્ધ બને, અને લોકો શાંતિથી જીવન ગુજારી શકે.

પડોશીઓ જો માંહેમાંહે ન લડે, પડોશી સારા હોય, તો આપણને સુખચેન રહે છે, તેમ જ રાષ્ટ્રો રાષ્ટ્રો માટે પણ સાચું છે. પરંતુ, દુનિયાનો ઇતિહાસ જોઈએ તો દેશો આવો પડોશધર્મનો ભાવ રાખીને વર્તતા નથી દેખાતા. રાજ્ય મોટું કરવાના લોભે, કાંઈ ને કાંઈ વાત વિચાર કે વસ્તુને લઈને ઝઘડો પડવાને લીધે, પડોશી રાજ્યો ઘણી વાર લડાલડ કરતાં રહેતાં જોવા મળે છે. આ સ્થિતિ કોઈને માટે સારી નથી. તેમાં કોઈનું ભલું પણ, ખરું જોતાં, નથી. છતાં યુદ્ધો થાય છે અને એવાં મોટાં કે તે જોઈને માનવજાતને તમરી આવી જાય. જગતના શાણા પુરુષોએ હમેશાં રાષ્ટ્રો રાષ્ટ્રોનો વ્યવહાર શાંતિના પાયા પર રચવાની શીખ આપી છે અને તેને માટે પ્રયત્ન કર્યા છે.

ગાંધીજીને પ્રતાપે આપણા દેશમાં આ નીતિ વિષે આપણને સારી કેળવણી મળી છે. કોઈ બીજા દેશ પર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એડી નજર કે બદદાનત ન કરવી, પણ એની સાથે ન્યાયસર અને સલૂકાઈ ભર્યો વર્તાવ રાખવો, એ એમણે આપણને શીખવ્યું છે. આમ કરવાથી લડવાનો પ્રસંગ નહીં આવે. છતાં કોઈ વાતનો ઝઘડો પડે, તો પંચ મારફત તેનો ઉકેલ લાવવો, પણ લડવા સુધી ન જવું. છતાં ન કરે નારાયણ ને ન્યાયથી જોતાં લડવું જ પડે, તોપણ અહિંસક યુદ્ધની રીતે લડવાની કેળવણી આપણે લેવી જોઈએ, એ એમની શિખામણ હતી. મતલબ કે, આપણા દેશને શાંતિનો પાઠ ગાંધીજીએ આપ્યો છે.

સદ્ભાગ્યે દુનિયાના દેશો પણ, વિજ્ઞાન દ્વારા લડવાનાં યુદ્ધોનો અનુભવ લઈ લઈને, આ પાઠ શીખ્યા છે. અને તેઓ પણ શાંતિ સાચવવી, એ વસ્તુને આંતરરાષ્ટ્રીય રાજ્યનીતિનું મુખ્ય સૂત્ર માને છે.

આથી કરીને આપણા દેશના બંધારણમાં જ શાંતિ અને યુદ્ધનિષેધની આ વસ્તુ મૂકવામાં આવી છે. એટલે કોઈ પણ સરકાર એ નીતિને ઉવેખીને નહીં ચાલી શકે. યુદ્ધખોર સરકાર બંધારણથી ગેરકાનૂની બની રહે છે, એમ મનાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસંહાર

બંધારણે ભારત સરકારને આપેલા આદેશો આ રીતે પૂરા થાય છે. તે પરથી, હિંદ-સ્વરાજ આપણે કેવું ઇચ્છીએ, એનો નકશો મળી રહે છે. ગાંધીજીએ બતાવેલાં રચનાકામો તથા આપેલો શાંતિપાઠ એમાં આવી જાય છે, એ ધ્યાનમાં આવ્યું હશે. તે મુજબ ભારતની સરકારોએ ચાલવાનું છે, એ બંધારણનો તેમને આદેશ છે.

બીજી તરફથી જોઈએ તો, તેમાંથી એ સાર મળે છે કે, પ્રજા તેની સરકારોને આ આદેશના ગજે માપી શકે; સરકારો આ ગજે પોતાની સફળતાની આંકણી કરી શકે. એટલે આ ધોરણે પ્રજામત કેળવવો જોઈએ અને લોકો તથા તેમની સરકારે ચાલવું જોઈએ. તો રામરાજ્યની કે સુરાજ્યની કલ્પના આપણા સ્વરાજમાં ઉતારી શકાશે.

આમ, સ્વરાજ એટલે શું, એનો જવાબ બંધારણે લોકોને તેમ જ સરકારને નજરમાં રાખીને આપ્યો છે.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજાં વાંચવા જેવાં પુસ્તકો

૧. પ્રાચીન શીલકથાઓ — ગોપાળદાસ પટેલ
૨. બોધક ટીકડીઓ — મુકુલભાઈ કલાથી
૩. શીલ અને સદાચાર — „ „
૪. મોટાં માણસોનાં મન — „ „
૫. પચાસ પ્રેરક પ્રસંગો — „ „
૬. જાણવા જેવી વાતો સં૦ „ „
૭. વેર અને બદલો — ગોપાળદાસ પટેલ
૮. આપણા દેશમાં આપણું રાજ્ય — મગનભાઈ દેસાઈ
(આપણા રાજ્યબંધારણનો સરળ ભાષામાં પરિચય)

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar